REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, [illegible] પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યાં સતા ખુશી થાય છે, યૌવનના [illegible]રૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચ[illegible]રી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

[illegible]ક ૨૮ મું. કાર્તિક. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૮ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

[illegible]ગ્યશતક (સમશ્લોકી) ... ... ... ... ... ૨૨૯
[illegible]મ્યક્ત્વ પ્રાપ્તિને આશ્રયીને વિવિધ મતદર્શન. ... ... ... ૨૩૨
[illegible]વિધ પ્રશ્નોત્તરો. ... ... ... ... ... ... ૨૩૨
[illegible]ધ વચન. ... ... ... ... ... ... ... ૨૩૭
[illegible]ધર્મમાં ગરકાવ કરનારી કેટલીક પ્રમાણવાળી બીનાઓ. ... ... ૨૪૦
[illegible]નો ચિન્હ. ... ... ... ... ... ... ૨૪૧
[illegible]રાજાના રાસ ઉપરથી નીકળતો સાર. ... ... ... ... ૨૪૭
[illegible]ના અંગપર ચાંદલા ... ... ... ... ... ... ૨૫૬
[illegible]ય શતક.... ... ... ... ... ... ... ૨૫૮

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા તરફથી હાલમાં તૈયાર થયેલા ગ્રંથો

૧ શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો. (પ્રમેન્દ્રકૃત કર્મગ્રંથ તથા સંસ્કૃત ૪ કર્મગ્રંથ)
૨ શ્રી પંચાશક. ટીકા સહીત.
૩ શ્રી પરિશિષ્ટ પર્વ. સવિસ્તર પ્રસ્તાવના સાથે.
૪ શ્રી પ્રમેયરત્નકોષ. ન્યાયનો લઘુ પણ ઉપયોગી ગ્રંથ.
૫ શ્રી જ્ઞાનસાર સટીક. ( શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત ૩૨ અષ્ટક )
૬ શ્રી ધનપાળ પંચાશિકા સટીક. અર્થ યુક્ત.

## હાલમાં છપાતા ગ્રંથો.

૭ શ્રી પઉમ ચરિયમ્ ( માગધી-અપૂર્વ ગ્રંથ )
૮ શ્રી કમ્મપયડી. શ્રી મલયગિરિજી કૃત ટીકાયુક્ત.
૯ શ્રી શાંતસુધારસ. પં. ગંભીરવિજયજીગણિ કૃત ટીકાયુક્ત.
૧૦ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.
૧૧ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન યુક્ત.
૧૨ શ્રી કુવલયમાળાભાષાંતર. ( અત્યંત રસીક કથા )
૧૩ શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ ( બીજી આવૃત્તિ )
૧૪ તત્ત્વ વાર્તા ( ગ્રાહકોને ભેટ આપવામાટે )

### ( તૈયાર થયેલા ગ્રંથો. )

૧૫ શ્રી અધ્યાત્મસાર ટીકા. પં. ગંભીરવિજયજી કૃત.
૧૬ શ્રી અધ્યાત્મસાર સટીકનું ભાષાંતર.
૧૭ શ્રી ઉપદેશ પ્રાસાદના ૬ સ્થંભ મૂળ.

### ( તૈયાર થતા ગ્રંથો. )

૧૮ શ્રી ઉપમિતિભવ પ્રપંચા કથાનું ભાષાંતર.
૧૯ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨૦ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી કર્મગ્રંથ વિભાગ ૨ જો ને પ્રમેયરત્નકોષ બંધાવવો જ બાકી છે ને બીજા પણ ગ્રંથોની પ્રસ્તાવના ને ટાઇટલ છપાય છે તેથી એક માસની અંદર બહાર પડશે. ધનપાળ પંચાશિકા ને તત્ત્વવાર્તા ગ્રાહકોને એક સાથે ભેટ મોકલવાની છે તે તત્ત્વવાર્તા છપાઇ રહેથી મોકલાવશું.

## નવા લાઇફ મેમ્બર.

નીચે જણાવેલા ગૃહસ્થો આ સભામાં લાઇફ મેમ્બર તરીકે દાખલ થયા છે.

૧ ઝવેરી મોહનલાલ હેમચંદ. મુંબઇ.
૨ શા. હરીચંદ થોભણભાઇ.
૩ શા. ફુલચંદ ખુશાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तैत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. કાર્તિક. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૮ મો

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

श्री पद्मानंद कवि विरचित

## वैराग्य शतक.

### समश्लोकी.

( લેખક–માવજી દામજી શાહ. )

(અનુસંધાન પૃષ્ઠ–૧૯૯ થી.)

કષ્ટે મેળવ્યું વિત્ત તેજ સઘળું દ્યુતક્રીડામાં ગયું,
કષ્ટે જ્ઞાન મળ્યું ગુરૂથકી મ્હને તે દુર્ગુણે વાપર્યું;
રે ! સદ્ગુણ–વિવેક એ પ્રિયતમાપાસે અરે મેં કર્યો,
શું સત્પાત્ર વિષે કરૂં ? વિવશ હું આ સ્વલ્પ કાળે કહો. ૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને નવ જોડીને વિનયમાં ઉગ્ર તપ નૈ તપ્યો,
શોભાવ્યો નવ ક્ષાંતિથી પ્રતિસમે સત્યે ખુશી નવ કર્યો;
રે ! તું તે નહિ કર્મનિંદન કરે આવ્યે સમીપે યમે,
રે ! રે ! મૂઢ તું દેવનેજ સઘળો એ શાપ દે આ સમે. ૩૨

રે ! એ બાળ હતો, યુવાન ઝટ તે દેખાય એવું થતું,
ચાલ્યું યૌવન સ્પષ્ટ ને ઘડપણ આવ્યું અરે દોડતું;
ભાગે એ પણ કાળ આવી ન્હડતાં દેખાય નૈ સર્વ એ,
જો ! આ કૌતુક મિત્ર અન્ય જગનાં શું ઇન્દ્રજાળોવડે ! ૩૩

હસ્તિના મદના ઝરાથકી થયું જે દ્વાર ભીનું અરે,
જો આપે નહિ કોળીયો, નહિ તદા ડોકાય ભીખારી એ;
જે પોતે નહિ પેટનું પુરૂં કરે તેને અકસ્માતની,
રે ! એ પુષ્કળ લક્ષ્મી હાથ ન્હડતી "વિચિત્રતા કર્મની." ૩૪

**અનુષ્ટુપ્**—ન સંતાનો ન લક્ષ્મી કે, ન સાથે મ્હેલ આવતાં;
મરેલ જીવની સાથે, પુન્ય કે પાપ ચાલતાં. ૩૫

બોલે મૃદુપણે હું ગર્વ સઘળો, દૂરે પછી કરીશને,
પાંચે ઇન્દ્રિય જયવડે દહિશ હું એ કામના કંદને;
સમ્યગ્ ધ્યાનવડે હું મોહ સઘળો રોકીશ લીલાવડે,
જાણે એ નહિ ક્રૂર કાળ વચમાં ખેંચી જશે રે મ્હને. ૩૬

બાંધ્યું વૃધ્ધપણું નિરંતર અરે ! એ રાવણે ખાટલે,
દ્રોણાદ્રિ હનુમાનથી નિજબળે ઉધ્ધાર પામ્યો અરે:
રામે રાક્ષસનો પતિ, શૂરવીર, માર્યો અરે સ્વલ્પમાં,
"એ સર્વે પણ કાળ આવી ન્હડતાં ચાલ્યાં ગયાં શું બીજા." ૩૭

અનુષ્ટુપ્—સર્વનો ભક્ષી યમ એ, સત્ય લોકે ગવાય છે;
રામ દેવાદિ ધીરો તે, નહિ તો ક્યાં ગયા હશે ? ૩૮

મિથ્યાત્વાનુચરે વિચિત્ર ગતિમાં ચોમેર ભમેલની,
ઉદ્ભટ મુદ્ગલ્ર મારથી પ્રતિદિન મૂર્છાજ પામેલની;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારવિષે નિયંત્રિત તણી કેદી સમીરે ખીના,
મ્હારી મુક્તિ થશે શું સત્વર નહિ? સદ્વૃત્તવિત્તં વિના. ૩૯

દુઃખે મેળવ્યું! રત્ન, સાયર વિષે જે પાડ્યું તે પાછું રે!
આ સંસાર વિષે જ તેમ મળ્યું એ ખોયેલ માનુષ્ય જે;
બંધો! મૂઢપણું તું જો! પણ અહો! માનુષ્ય ખોયું મથી,
કામ–ક્રોધ–કુબોધ–મત્સર–કુધી–માયા–મહા મોહથી. ૪૦

જેથી આ ક્ષણભંગુર શરીરનું સંયુક્ત આત્માવડે,
સદ્વ્યાપાર વિષે નિયોજન થતાં નિર્વાણને પામીયે;
રે! રે! મિત્ર! થઈ પ્રીતિ! પ્રિયતમાનું મ્હોડું જોવા મ્હને,
કોટી દ્રવ્ય દઇ ખરીદી લીધી મેં મૂર્ખે અરે! કોડીને. ૪૧

ક્રીડાકારક હાસ્ય તુષ્ટિ કરવા સેવ્યું ધુતારાપણું,
રમ્ય સ્વર્ણ શરીર ધારિણી! પ્રિયા! સૃષ્ટિ વિષે સાજનું;
ભવ્ય! દ્રવ્ય ઉપાર્જવા પણ મહા આરંભ છે રે! અહો!
ભેદચ્છેદન તાડનાદિ વિધિયે રૌદ્રો મહા રૌરવો. ૪૨

રે! એ કામની શાંતિ સારૂ ન ધર્યું બ્રહ્મવ્રત ધ્યાનમાં,
લોભોન્મૂલનસારૂ લક્ષ્મી નિજની દીધી ન સત્પાત્રમાં;
મોહોન્મૂલન સારૂ સદ્ગુરૂતણી વાણી ન ધારી ખરે,
દુઃખે પ્રાપ્ય મનુષ્યનો ભવ અરે! હાર્યો હું હાર્યો અરે. ૪૩

બંધુ–પુત્ર–કલત્રને વિભવના વિનાશથી ભંગુર,
ખાંસી–શ્વાસ–ભગંદર પ્રભૃતિ રે! વ્યાધિથકી ભરપુર;
બંધો! સત્વર આવતો સમીપ એ બીહામણો કાળ રે!
હા! હા! રે! કહું શું હું તોય મનની પાપે રતિ થાતી રે. ૪૪

આ સંસાર વિષે વિચિત્ર ગતિમાં ચોમેર ભ્રાંતિવડે,
રે! રે! જીવ! કયો પ્રદેશ જગમાં એવો ગયો ત્યાં અરે!
જ્યાં તેં અન્ય અનેક જન્મ મરણો કીધાં નહિ રે અતિ,
એ! વૈરાગ્ય નહિ હૃદેજ ધરતો પાપક્રિયામાં રતિ. ૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सम्यक्त्व प्राप्तिने आश्रयीने विविध मतदर्शन

**[ સમ્યકત્વ—પ્રાપ્તિ પ્રકાર. ]**

**( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )**

કોઇ પણ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ તથાપ્રકારની શુભ સામગ્રીનો લાભ મેળવી અપૂર્વ કરણ ( આત્માના અપૂર્વ ઉલ્લસિત પરિણામ ) વડે શુધ્ધ, અર્ધશુધ્ધ અને અવિશુધ્ધ એવા ત્રણ પુંજ કરીને શુધ્ધ પુંજ સંબંધી પુદ્ગલોને વેદતો સતો ઉપશમ સમકિતને પામ્યા વગરજ પ્રથમથીજ ક્ષયોપશમિક સમકિતને પામે છે. **સિદ્ધાંતકારનો** એવો એક મત છે. બીજો મત એ છે કે યથાપ્રવૃત્તિ પ્રમુખ ત્રણ કરણો અનુક્રમે કરતો જીવ અન્તરકરણમાં ઉપશમ સમકિતને પામે છે. તે પૂર્વોક્ત ત્રણ પુંજ કરતોજ નથી. પછી ઉપશમ સમકિતથી ચ્યુત થયેલો તે અવશ્ય મિથ્યાત્વનેજ પામે છે. **કલ્પભાષ્યમાં** કહ્યું પણ છે કે—" જેમ ઇલિકા ( ઇયળ ) ઉંચી ચઢવા પ્રયત્ન કરે છે, ત્યારે તેને જો આગળ સ્થાનરૂપ આલંબન મળતું નથી તો તે સ્વસ્થાન તજતી નથી એટલે પુનઃ સ્વશરીરને સંકોચી દઇને પ્રથમના સ્થાન ઉપરજ આવી રહે છે તેમ ઉપશમ સમકિતવંત જીવ ઉપશમ સમકિતથી ચ્યુત થયા બાદ, ત્રણ પુંજ કરેલા નહિ હોવાથી, મિશ્ર અને શુધ્ધ પુંજ લક્ષણ સ્થાનાન્તરને નહિ પામતો, પુનઃ પ્રથમના મિથ્યાત્વ સ્થાનનેજ પ્રાપ્ત કરે છે." **કર્મગ્રંથકારનો** વળી એવો અભિપ્રાય છે કે સર્વ કોઇ મિથ્યાદૃષ્ટિ જીવ પ્રથમ સમ્યકત્વ લાભ કાળે યથાપ્રવૃત્તિ પ્રમુખ ત્રણ કરણો કરીને અંતરકરણ કરે છે અને ત્યાંજ ઉપશમ સમકિત પામે છે. તેમજ વળી તે ત્રણ પુંજ પણ કરે છે જ. એથી કરીનેજ ઉપશમ સમકિતથી ચ્યવ્યો છતો એ જીવ યથાસંભવ ક્ષયોપશમ સમકિત દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ કે મિથ્યાત્વ દૃષ્ટિ થાય છે. ઇતિ હૃદયમ્.

# विविध प्रश्नोत्तरो.

**( विशेषावश्यकमांथी. )**

**( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી )**

પ્રશ્ન—દૃષ્ટિવાદ ( સમસ્ત શાસ્ત્રના અવતારરૂપ પૂર્વ જ્ઞાન ) ભણવાનો સ્ત્રીઓ-સાધ્વીઓને શામાટે નિષેધ કરેલો છે ?

ઉત્તર—તુચ્છાદિક સ્વભાવ હોવાથી સ્ત્રી જો દૃષ્ટિવાદ ભણે તો તે ગર્વવડે પુરૂષનો પરાભવ કરવા પ્રવર્તીને દુર્ગતિપાત્ર બને તેથી પરમ કૃપાળુ પરોપકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલ પરમાત્માએ તેને પૂર્વ ભણવાની આજ્ઞા આપી નથી પરંતુ તેમના પણ હિતની ખાતર એકાદશ અંગાદિકની રચના કરવામાં આવે છે.

પ્રશ્ન—બુદ્ધિના જે આઠ ગુણોવડે શ્રુતજ્ઞાન ગ્રહણ કરાય તે ગુણોનું કંઇક સ્વરૂપ સમજાવો !

ઉત્તર—૧ **સુશ્રૂષા**-વિનયયુક્ત થઈ ગુરૂમુખથકી સાંભળવાની ઇચ્છા.

૨ **પ્રતિપૃચ્છા**—ફરી પૂછીને ભણેલું શાસ્ત્ર નિઃશંકિત-શંકા વગરનું કરવું.

૩ **અર્થ શ્રવણ**—૪ **અર્થગ્રહણ**—ભણેલા શાસ્ત્રને અર્થથી સાંભળવું અને તેનો અર્થ ધારી લેવો.

૫ **ઈહા**—પર્યાલોચના-અર્થ ધારી વિચારવું કે એ બરાબર છે કે નહિ? એમ સ્વબુદ્ધિબળથી સાંભળેલા-ગ્રહણ કરેલા અર્થનો નિશ્ચય કરવા વિચારણા કરવી.

૬ **અપોહ**—ગુરૂ મહારાજે ફરમાવ્યું તે યથાર્થ-પ્રમાણ છે એમ નિશ્ચય-નિર્ધાર કરવો.

૭ **ધારણા**—નિશ્ચિત કરેલા અર્થને સદાય ચિત્તમાં ધારણ કરવો-વિસરી જવા ન દેવો.

૮ અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાનને સમ્યગ્ રીતે આચરવું-પ્રમાદશીલ ન થાવું. એમ કરવાથી આપણાં અંતરાય તૂટે છે અને ગુરૂ મહારાજ પોતાના પ્રયત્નની સફળતા જોઇ પ્રસન્ન થાય છે એથી એ પણ શ્રુતપ્રાપ્તિનો અચ્છો ઉપાય છે. અથવા

૧ **સુશ્રૂષા**—ગુરૂમહારાજ જે કંઇ હિતકાર્ય કરવા ફરમાવે તે સર્વ અનુગ્રહરૂપ માનીને સારી રીતે-સાવધાનતા પૂર્વક સાંભળવા ઇચ્છા.

૨ **પ્રતિપૃચ્છા**—પ્રથમ અમુક કાર્ય કરવા આજ્ઞા પામ્યા છતાં તે કાર્ય કરતી વખતે ગુરૂ મહારાજને તત્સંબંધી ફરી પૃચ્છા કરવી, અને તેમની ફરમાશ મુજબ પૂરતું લક્ષ રાખીને કાર્ય કરવું.

૩ **શ્રવણ**—એવી રીતે આરાધીત ગુરૂ સમીપે સૂત્ર અથવા તે સૂત્રના અર્થનું સમ્યગ્ શ્રવણ કરવું. બાકીનું બધું પૂર્વલી પેરે જાણવું.

પ્રશ્ન—ગુરૂ મહારાજ કેવા પ્રકારે વ્યાખ્યાન કરે તેની મર્યાદા બતાવો !

ઉત્તર—પ્રથમ તો ગુરૂ મહારાજ શિષ્યવર્ગ પ્રત્યે સૂત્રનો અર્થ માત્ર સમજાવે. પછી બીજીવાર સૂત્રસ્પર્શક નિર્યુક્તિમિશ્ર અર્થની સમજણ આપે અને છેવટે નિરવશેષ એટલે સંપૂર્ણ અર્થ બતાવે એ સૂત્ર-અનુયોગ વિષયે શાસ્ત્રમાં મર્યાદા દર્શાવેલી છે.

પ્રશ્ન—કર્મનું અનાદિપણું શી રીતે સિદ્ધ થઇ શકે છે ?

ઉત્તર—દેહ અને કર્મનો બીજાંકુરની પેરે પરસ્પર હેતુ હેતુમદ્ભાવ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ બીજવડે અંકુર પેદા થાય છે, અને અંકુરથકી ક્રમે કરીને બીજ પેદા થાય છે તેમ દેહવડે કર્મ ઉપજે છે અને કર્મવડે દેહ નીપજે છે. એવી રીતે પુનઃ પુનઃ પરસ્પર અનાદિકાળનો હેતુ હેતુમદ્ભાવ રહેલો હોવાથીજ સંભવે છે. જેમને અન્યોન્ય હેતુ હેતુમદ્ભાવ સંબંધ રહેલો હોય છે તેઓ બીજ-અંકુર તેમજ પિતા-પુત્રાદિકની પેરે અનાદિ જ હોવા ઘટે છે. તેવી રીતેજ દેહ કર્મનો સંબંધ છે માટે તે પણ અનાદિ જ છે. ( ઇતિ વિશેષાવશ્યકે પૃ૦ ૭૦૦ )

પ્રશ્ન—કર્મને બદલે દેહાદિક નિર્માણ કરનાર (કર્તા) તરીકે અકર્મા-કર્મરહિત ઇશ્વરનેજ માનવામાં શો દોષ આવે છે ?

ઉત્તર—કર્મરહિત એવો ઇશ્વર ઉપકરણના અભાવે દંડાદિક ઉપકરણ રહિત કુંભારની પેરે શરીરાદિક કાર્યનું નિર્માણ કરી શકે નહિ. વળી કર્મવગર શરીરાદિકનું નિર્માણ કરવામાં જીવાદિકને બીજું કંઈ ઉપકરણ સંભવતું નથી. કેમકે ગર્ભાદિક અવસ્થામાં અન્ય ઉપકરણનો અસંભવ છે અને કર્મરહિતને શુક્ર, શોણિત ( વીર્ય, રૂધિર ) પ્રમુખનું ગ્રહણ કરવું પણ અયુક્ત છે. અથવા બીજી રીતે પ્રયોગ કરી શકાય છે. કર્મરહિત ઇશ્વરાદિક આત્મા આકાશની પેરે નિશ્ચેષ્ટ હોવાથી, અમૂર્ત હોવાથી, અશરીરી હોવાથી, નિષ્ક્રિય હોવાથી, તેમજ સર્વગત એટલે સર્વવ્યાપી હોવાથી તથા એક પરમાણુની પેરે એકલો હોવાથી શરીરાદિકનું નિર્માણ કરે જ નહિ-કરી શકે જ નહિ. જો કદાચ કહેવામાં આવે કે શરીરધારી ઇશ્વર જ બધાય દેહાદિક કાર્યોનું નિર્માણ કરે છે તો પછી ઈશ્વર સંબંધી દેહનું નિર્માણ થવામાં પણ એવોજ પ્રશ્ન સમુપસ્થિત થાય છે. તે એવી રીતે કે કર્મરહિત ઇશ્વર નિજ શરીરનું નિર્માણ કરી શકે નહિ. કેમકે તે દંડાદિકરહિત કુલાલની પેરે ઉપકરણ રહિત છે. જો કોઇ બીજો ઇશ્વર તેના શરીરનું નિર્માણ કરી આપતો હોય તો તો તે પણ શરીરધારી કે શરીર રહિત ? જો તે શરીર રહિતજ હોય તો તે ઉપર કહ્યા મુજબ ઉપકરણ રહિત હોવાથી શરીરનું નિર્માણ કરી શકેજ નહિ. અને જો તે શરીરવાન્ હોય તો તેના શરીરનું નિર્માણ કરવામાં પણ તે જ દોષ આવે છે. એટલે તે પણ કર્મરહિત હોઇને ઉપકરણરહિત પોતાના શરીરનું નિર્માણ કરી શકતો નથી. અને જો તેનું શરીર બીજો શરીરધારી બનાવી આપે તો પછી તે બીજાનું શરીર પણ બીજો બનાવે અને તેનું પણ બીજો બનાવે એમ કરતાં તો **અનવસ્થાદોષ** આવે છે. એ સર્વ અનિષ્ટ છે. તેથી ઈશ્વર દેહાદિકનો કર્તા કરતો નથી; પરંતુ કર્મ સહિત જીવજ સ્વદેહાદિક કાર્ય કલાપનો કર્તા સિદ્ધ થાય છે. **કર્મરહિત-કૃતકૃત્ય ઇશ્વર પ્રયોજન રહિત પણ દેહાદિકનું નિર્માણ કરતો હોય તો**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉન્મત્તતુલ્ય જ ગણાય અને જો સપ્રયોજન તેનું **નિર્માણ** કરવા જાય તો અનીશ્વરત્વ પ્રસંગ પ્રાપ્ત થાય છે. કેમકે અનાદિ શુધ્ધ હોય તેને દેહાદિક કાર્ય કરવાની ઇચ્છાજ હોવી ઘટે નહિ. કારણ કે તેવી ઇચ્છાજ રાગ વિકલ્પરૂપ છે, ઈત્યાદિ અત્ર બહુ વકતવ્ય છે. વિશેષ અધિકાર ગ્રંથાંતરોથકી જાણી લેવો. અને મધ્યસ્થપણે વિચાર કરી સત્ય સબળ પક્ષનો સ્વીકાર કરી લેવો. ઇતિ વિશેષાવશ્યક પૃ. ૭૦૧

પ્રશ્ન—સંસારથી જ સર્વ કોઇ ભવ્યાત્મા મુક્ત થઇ સિદ્ધ થાય છે તો તે સર્વ સિધ્ધોની આદિ હોવાથી કોઇ પણ આદિ સિદ્ધ હોવો જોઇએ કે કેમ?

ઉત્તર—જેમ સઘળાં શરીર અને સઘળાં અહોરાત્ર આદિવાળાં છે પણ કાળની અનાદિતાથી આદ્ય શરીર કે આદ્ય અહોરાત્ર જાણી શકાતાં નથી તેમ કાળની અનાદિતાથી કોઈ એક આદ્ય સિદ્ધ પણ જાણી-માની શકાય નહિ.

પ્રશ્ન—૪૫ લાખ યોજનપ્રમાણ પરિમિત સિદ્ધિક્ષેત્ર છે તો તેમાં અનાદિ કાળથી થતા અનંતા સિધ્ધો શી રીતે સમાઇ શકે?

ઉત્તર—અમૂર્ત-અશરીરી હોવાથી પરિમિત ક્ષેત્રમાં પણ અનંતા સિધ્ધો સમાઇ રહે છે. જેમ પ્રત્યેક દ્રવ્યને સઘળા સિદ્ધ ભગવંતોનાં અનંતાં જ્ઞાન અને અનંતાં દર્શન વિષય કરે છે. અથવા એકજ નર્તકી ઉપર હજારો દૃષ્ટિયો પડે છે તથા પરિમિત ક્ષેત્રવાળા ઓરડા પ્રમુખમાં અનેક દીવાઓની પ્રભા સમાઇ જાય છે, તેમ અહીં પરિમિત ક્ષેત્રમાં અનંતા સિધ્ધો કેમ સમાઇ ન શકે? અપિતુ સુખે સમાઇ શકે જ. જ્યારે મૂર્ત એવી બહુ દીપકની પ્રભાઓ પરિમિત ક્ષેત્રમાં સમાઇ શકે તો પછી અમૂર્ત-અશરીરી સિદ્ધ પરમાત્માઓનું કહેવુંજ શું?

પ્રશ્ન—જો દેવતાઓ છે, તો તેઓ અત્ર મનુષ્યલોકમાં આવવા શક્તિવંત છતાં કેમ આવતા જણાતા નથી?

ઉત્તર—દેવતાઓ, દેવાંગનાદિક સંબંધી દિવ્ય પ્રેમમાં લીન હોવાથી, અત્યંત રૂપ લાવણ્યાદિક ગુણવાળી કામિનીમાં આસક્ત થઇ રમણિક સ્થાનમાં રહેલા પુરૂષની પેરે વિષય સુખમાં અત્યંત આસક્ત થએલા હોવાથી, તથા બહુ અગત્યનાં કાર્ય કરવા નિયોજાયેલા વિનીત પુરૂષની પેરે પોતાનું કાર્ય હજુ પૂરૂં થયલું નહિ હોવાથી, તથા તેમને મનુષ્યોનાં કાર્ય સાથે એવો સંબંધ નહિ હોવાથી, અણઇચ્છિત ગૃહાદિકમાં જેમ નિરાગી-નિઃસ્પૃહી મુનિઓ જતા નથી તેમ તેઓ આ મનુષ્યલોકમાં પ્રાયઃ આવતા નથી. તેમજ આ મનુષ્યલોકની દુર્ગંધ સહન નહિ કરી શકવાથી પણ દેવતાઓ પ્રાયઃ અત્ર આવતા નથી. પૃ. ૭૮૨-૮૩

પ્રશ્ન—જો એમજ છે તો દેવતાઓ અત્ર શા પ્રયોજને આવી શકે છે?

ઉત્તર—શ્રી જિનેશ્વર ભગવાનના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ મહોત્સવ પ્રસંગે પોતાનું હિત-કર્તવ્ય માની દેવતાઓ અત્ર આવે છે: તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક ઈન્દ્રાદિક દેવો પોતાના ભક્તિ ભાવથી સ્વતઃ આવે છે, કેટલાક તેમની અનુવૃત્તિ–આજ્ઞા–વશવર્તીપણાથી આવે છે, કેટલાક પોતાના સંશયનું નિરાકરણ કરવા આવે છે, ત્યારે કેટલાક પૂર્વભવ સંબંધી પુત્ર, મિત્રાદિકના અનુરાગથી અત્ર આવે છે. વળી પૂર્વે પ્રતિબોધાદિક નિમિત્તે સંકેત–નિશ્ચય કરેલો હોય તેથી કેટલાક દેવો અત્ર આવે છે, કેટલાક વળી મહા પરાક્રમવંત સાધુ પ્રમુખ સાત્વિક પુરૂષોના તપોગુણથી આકર્ષાઇને અત્ર આવે છે, ત્યારે કેટલાક દેવતાઓ પૂર્વલા વેરિ મનુષ્યોને પીડવા માટે પણ આવે છે. બીજા કેટલાક દેવતાઓ પૂર્વલા મિત્ર, પુત્રાદિક ઉપર અનુગ્રહ કરવા આવે છે, કેટલાએક વળી કામ કદર્થનાદિક કારણે પણ આવે છે તેમજ કોઇ ઉત્તમ સાધુ પ્રમુખ સાત્વિક જનોની પરીક્ષા નિમિત્તે પણ આવે છે. એવી રીતે દેવતાઓનું અત્ર આગમન કારણ પણ જણાવ્યું છે.

પ્રશ્ન—સુખ દુઃખના પ્રગટ કારણરૂપ અન્ન, સ્ત્રી, ચંદન, સર્પ, વિષ અને કંટકાદિક છતાં શામાટે તેના કારણરૂપે કર્મની કલ્પના કરવી જોઇએ? એથી **અતિપ્રસંગ** દોષ આવશે.

ઉત્તર—તુલ્ય એવાં પણ અન્નાદિક ખાધાં છતાં કોઈકને તો આહ્લાદ અને કોઇકને રોગાદિક પેદા થાય છે, તેવી રીતે જૂદાં જૂદાં ફળ થવામાં અવશ્ય હેતુ હોવો જોઇએ.. જો હેતુવગરજ ભિન્ન ભિન્ન ફળ થાય તો તે સદાય થવું જોઇએ અથવા તે કદાપિ પણ ન થવું જોઇએ. માટે ભિન્ન ફળ થવામાં જે હેતુ–કારણ રહેલ છે તે અદૃષ્ટ–કર્મજ જાણવું. એથી સુખ દુઃખના કારણરૂપ કર્મનું કથન કલ્પના માત્ર નથી પરંતુ તે પરમાર્થથી સાચુંજ છે. પૃ૦ ૭૯૭

ઇતિશમ્.

જેવું અન્યનું શ્રેય આપણે ઇચ્છીએ તેવુંજ આપણું શ્રેય થાય છે.

* * * * *

સર્વના શ્રેય માટે જેમ જેમ વધારે ઇચ્છા કરીએ તેમ તેમ આપણું વધારેને વધારે શ્રેય થાય છે.

* * * * *

જેમ જેમ આપણે પોતાની ઇચ્છા, ઉમેદ, લાગણી, અને કાર્યોમાં વધારે વિશાળતા લાવતા જઇએ તેમ તેમ આપણી શક્તિ અને બુદ્ધિની વિશાળતા અવશ્ય થવાનીજ.

* * * * *

સર્વ કાર્યોની ફતેહ માટે તમારા પોતાના ઉપરજ આધાર રાખો, અને તમારા જીવનના સર્વ પ્રસંગો માટે અને ખાસ કરીને સર્વ કાર્યો માટે તમે લાયકજ છો તેવું દ્રઢતાથી માનજો અને તદનુસાર આચરણા કરજો. અને અવશ્ય સર્વ કાર્ય સફળ થશેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સહુ કોઇ આત્મહિતૈષી ભાઇ બ્હેનોએ સદાય સ્મરણમાં રાખી પોતપોતાનું ભવિષ્ય સુધારવામાટે લક્ષપૂર્વક આદરવા યોગ્ય

# बोध वचन.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી )

મ્હારા વ્હાલા ભાઈઓ અને બ્હેનો ! ગુરૂકૃપાથી તમને સહુને આત્મ સમાન લેખી એક બંધુતરીકે જે **બોધ વચન** કહું તે હૃદયમાં સ્થાપી, તમારા પોતાના, તમારા સંતાનના, તમારા કુટુંબના, તમારી જ્ઞાતિના તેમજ તમારી સમસ્ત કોમના અને જન સમાજના પણ ભલાને માટે તેને વિવેકપૂર્વક વિચારી, પ્રમાદરહિત બની, તેનો જેટલો લાભ લઇ શકાય તેટલો લેવા પૂરતી કાળજી રાખશો. એમ કરવાથી જ આપણો શુભ ઉદ્દેશ શીઘ્ર સફળ થઈ શકશે.

ઉત્તમ બોધ વચન વગર જીવોની શ્રદ્ધા સુધરી શકતી નથી અને સુશ્રદ્ધા વગર તેમના વર્તનમાં પણ કંઇ સારો ફેરફાર થઇ શકતો નથી, તેથી યોગ્ય જનોને તેવાં બોધ વચન આપવાની આવશ્યકતા રહે છે. તેટલી જ બલકે તેથી પણ અધિક આવશ્યકતા યોગ્ય જનોએ તેવાં ઉત્તમ બોધ વચન તથાપ્રકારના યોગ્ય સ્થળથી આદરપૂર્વક મેળવવાની, ભાગ્યવશાત્ તેવાં બોધ વચન મેળવી તેને વિવેકપૂર્વક પોતાના હૃદયકમળમાં સ્થાપવાની અને તેમ કરીને તે પ્રમાણિક બોધ-વચન અનુસારે ચાલી બને તેટલો પોતાના વર્તનમાં સુધારો કરવાની રહે છે તે સહુ કોઇ સજ્જનોએ ખાસ લક્ષમાં રાખવાનું છે. આટલી સામાન્ય પ્રસ્તાવના કરી પંચપરમેષ્ટી ભગવાનને પ્રણમી તેમના જ અનુગ્રહથી સ્વપર હિત સમજી સંક્ષેપથી **બોધ વચન** કહું છું.

૧ પ્યારા ભાઈઓ અને બ્હેનો ! શાસ્ત્રમાં **ધર્મ**ને ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ અને કામકુંભ જેવા અમૂલ્ય ઉત્તમ પદાર્થોની ઉપમા આપેલી છે તે સાચી છે. વસ્તુતઃ તો તે દરેક પદાર્થ કરતાં પણ **ધર્મ** અત્યંત અમૂલ્ય અને ઉત્તમ છે. આ વાત આપણે જાણીએ છીએ અને મુખે બોલીએ છીએ તેમ છતાં તે અમૂલ્ય ધર્મનું સેવન કરવામાં આપણે અત્યંત મંદતા—નિરૂત્સાહતા—કાયરતા કેમ આદરિએ છીએ એની આપણે બારીકીથી તપાસ કરવાની જરૂર છે એટલુંજ નહિ પણ આપણે એ દોષોને શોધી કાઢી તેમને બનતી ચીવટથી દૂર કરવા એ આપણું મુખ્ય કર્તવ્ય છે.

૨ જે ભાઇ બ્હેનો ખરેખરા ઓજસ્વી—જ્વલંત વીર્ય પરાક્રમવાળા હોય છે તેઓજ ચિંતામણિ રત્ન સદૃશ અમૂલ્ય ધર્મને આદરપૂર્વક સેવી શકે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકીના તો તેને એક કુળાચાર તરીકે માની લઇ ફક્ત લોકવ્યવહારથીજ સેવતા હોય છે. એથી એ બાપડા તેના ફળ–આસ્વાદનને પામી શકતા નથી. એટલે **તથાપ્રકારની સમજ સાથે વીર્યોલ્લાસ** પૂર્વક તે ધર્મનું સંસેવન કર્યા વગર ખરો રસાસ્વાદ મેળવી શકાતોજ નથી.

૩ જેમ પાયાવગર અને તે પણ દૃઢ મજબૂત પાયાવગર સારી ઇમારત ચણી શકાતી નથી તેમ જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ સુદૃઢ પાયાવગર ધર્મનું બંધારણ ટકી શકતું નથી.

૪ જેમ મેલા–મલીન વસ્ત્ર ઉપર રંગ ચઢતો નથી તેમ વ્યવહારશુદ્ધિવગરના જીવ ધર્મના રાગથી રંગાઇ શકાતા નથી.

૫ જેમ ઘડાયાં મઠાર્યાં વગરની ખડબચડી ભીંત ઉપર ઇચ્છિત ચિત્ર ઉઠી શકતું નથી તેમ તથાપ્રકારના શુભ સંસ્કાર પામ્યા વગર કોઇ પણ વ્યક્તિના ચિત્તમાં ધર્મનો પ્રભાવ પડી શકતો નથી. એ બધી વાત જાતિ અનુભવથી સમજી શકાય એવી છે.

૬ સર્વ પ્રકારનાં વ્યાવહારિક કાર્યો કરતાં મન, શરીર અને ઇંદ્રિયો ઉપર મુખ્યપણે આધાર રાખવો જરૂરનો હોવાથી તેમની પૂરતી દરકાર કરવી એ અતિ અગત્યની વાત છે.

૭ શરીરને અને મનને ઘાટો સંબંધ હોવાથી એટલે શરીરની સ્વસ્થતા-નિરોગતાદિકવડે મનની સ્વસ્થતા–પ્રસન્નતાદિક જાળવાઇ શકાય એમ હોવાથી શરીરને સ્વસ્થ–નિરોગી તેમજ સ્વકાર્યકુશળ ટકાવી રાખવાને જે જે નિયમોનું પાલન આવશ્યક ગણાય છે તે તે નિયમોનું ખંતપૂર્વક પાલન કરવા સહુ કોઇ ન્હાના–મ્હોટા ભાઇ બ્હેનોએ પ્રથમ લક્ષ રાખવું જોઇએ.

૮ પથ્ય અને પ્રમાણોપેત ખાનપાનનું સેવન નિયમિત વખતે કરવું. તેનું સારી રીતે પરિણમન થાય તે માટે યથાયોગ્ય ઉદ્યોગ–અંગકસરત વિગેરે પણ નિયમસર કરવા લક્ષ રાખવું. જેમ બને તેમ સંભાળથી સ્વવીર્યનું રક્ષણ કરવું. કોઈ પણ પ્રકારના અત્યાચાર કે ગેરવર્તણુકથી સ્વવીર્યનો વિનાશ ન કરવો, અને આળસ–સુસ્તી–પ્રમાદથી અળગા રહેવું એ આદિ શરીરની સ્વસ્થતા સાચવવાના જે જે સાચા ઉપાય હિતસ્વીઓ તરફથી સમજાવવામાં આવે તેનો યથાયોગ્ય અમલ કરવા પૂરતું લક્ષ સદાય રાખી રહેવું તે સહુ કોઇ સુખાર્થી જનોને ઉચિત છે.

૯ ખાનપાનમાં લેવા યોગ્ય પદાર્થો બંને રીતે–દ્રવ્યથી અને ભાવથી પથ્ય હોવા જોઇએ. દ્રવ્યથી પથ્ય એટલે પ્રકૃતિને પ્રતિકૂળ ન હોય, વાત, પિત્ત અને કફને નહિ કોપાવતાં માઝામાં રાખે અને પથ્થરનીપેરે હોજરીને ભાર નહિ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખે પાચન થઈ શકે એવા સાત્ત્વિક–સાનુકૂળ–રૂચિકર અને ઉપશામક હોવા જોઇએ. ત્યારે ભાવથી પથ્ય એટલે અનીતિ–અન્યાય–અપ્રમાણિકતા યા અધર્મ (હિંસાદિક) વડે ઉપાર્જન નહિ કરેલા પરંતુ ન્યાય–નીતિ–પ્રમાણિકતા યા ધર્મ માર્ગેજ ઉપાર્જન કરેલા હોવા જોઇએ. તેમજ અભક્ષ્ય ન હોવા જોઇએ.

૧૦ પ્રમાણોપેત ખાનપાન કરવાં એટલે ક્ષુધા કે તૃષા શાન્ત થાય તેના પ્રમાણમાં જરૂર પૂરતાંજ ખાનપાન કરવાં. સ્વાદીષ્ટ જાણીને રસલોલુપતાથી તે અધિક પ્રમાણમાં હોજરીને હાનિ પહોંચે, અજીર્ણ થાય, કે એવી બીજી ઉપાધિ પેદા થાય તેમ સ્વેચ્છાચારીપણે સામાન્ય નિયમોનો ભંગ કરીને ખાનપાનસેવવાં નહિ. પથ્ય અને પ્રમાણોપેત ખાનપાન નિયમસર કરવાથી શરીરની સ્વસ્થતા સચવાશે અને પોતાનાં વ્યાવહારિક કાર્ય કરવામાં પણ કશી આડખિલ આવશે નહિ. એટલુંજ નહિ પરંતુ પથ્ય, પ્રમાણોપેત અને સાત્વિક ખોરાકથી બુદ્ધિબળમાં પણ સુધારો થઈ શકશે, જેથી ધર્મના પાયારૂપ નીતિના માર્ગે સુખે સંચરાશે અને ધીમે ધીમે અધિક અભ્યાસ બળથી તેમાં આગળ ને આગળ વધાશે. આમ કરવાથી આપણું સાધ્ય સુધરવા પામશે.

૧૧ જો કેવળ નામનોજ નહિ પણ સાચે સાચો સર્વજ્ઞ ભગવાને ભાખેલો ધર્મ કોઈ અંશે પામવો હોય, તેનું રસાસ્વાદન કરવું જ હોય તો ખરેખર અજ્ઞાને ભરેલી અનાદિ કુવાસના–કુબુદ્ધિ–કુટેવો આપણે સુધારવીજ જોઇએ.

૧૨ શું ચિંતામણિ રત્ન સુલભ છે? ભાગ્ય વગર અને ઉદ્યમ કર્યા વગર જ મળી જાય એવું છે? ના નહિં જ. તેમ આ ઉત્તમ ધર્મઆશ્રી સમજવું.

૧૩ આ પવિત્ર ધર્મ પામવામાટે આજથી જ–આ ઘડીથીજ નીતિના ઉત્તમ માર્ગે ચાલવા તમે દૃઢ નિશ્ચય કરો; અને બધી કાયરતા તજીને તેવી રીતે ચાલવા આજ ક્ષણથી પ્રયત્ન કરો. પછી જૂઓ! તમારી ભાગ્યદશા કેવી જાગે છે? તેમ કરતાં ફળ માટે અધીરા થશો નહિ. અનેક મુશીબતો વચ્ચે જો તમારા અંકિત માર્ગમાં અડગ ઉભા રહેશો–લગારે ડરશો નહિ, તો જરૂર તમે તમારી નેમમાં ફતેહ પામશો.

૧૪ માર્ગાનુસારીપણાના ૩૫ બોલ–જેવા કે ન્યાયોપાર્જિત દ્રવ્ય, સજ્જનસેવા, ઇંદ્રિય અને રાગ દ્વેષાદિ કષાયનિગ્રહ પ્રમુખ–તમે જાણો છો? નહિ તો **ધર્મબિંદુ** પ્રમુખ ગ્રંથોથી ગુરૂગમ મેળવીને તે સારી રીતે જાણો–શિખો અને તે પ્રમાણે જ વર્તવા આજથી નિશ્ચય કરો.

૧૫ આ પવિત્ર ધર્મરત્ન પામવા માટે યોગ્યતા મેળવવા સારૂ જરૂર જોઇતા ઉત્તમ ૨૧ ગુણો જેવા કે ગંભીરતા, દયા, લજ્જા, ભવભીરૂતા, અશઠતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુદાક્ષિણ્યતા, નિષ્પક્ષપાતતા, ગુણરાગીપણું, દીર્ઘદર્શીપણું, વૃદ્ધ સેવા, વિનય, કૃતજ્ઞતા, પરોપકાર બુદ્ધિ તેમજ કાર્યદક્ષતા વિગેરે તમે જાણો છો ? નહિ તો **ધર્મ-રત્ન** પ્રમુખ ગ્રંથોથકી ગુરૂગમ મેળવી તમે તે સારી રીતે જાણો અને તમારા ભાવી કલ્યાણને માટે જેમ બને તેમ તેને જલદી આદરો. એથી તમે અવશ્ય શ્રેષ્ઠ ધર્મના અધિકારી થઈ શકશો અને અનુક્રમે શુદ્ધ દેવ ગુરૂનું આલંબન ગ્રહી, તેમની આજ્ઞા માન્ય કરી તમારૂં કલ્યાણ કરી શકશો. ઇતિશમ્.

# आश्चर्यमां गरकाव करनारी केटलीक प्रमाणवाळी बीनाओ.

( ઉપદેશ તરંગિણી ગ્રંથેથી. )

**( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )**

૧. **સિંધુદેશે, મરોટપુરે** સાંપ્રતં ૯૫ હજાર પિત્તલમય **જિનપ્રતિમાઓ** વિદ્યમાન છે.

૨. **પાટણ** શહેરમાં **કુમારપાળ ભૂપાળે** પોતાના પિતાશ્રી **ત્રિભુવનપાળના** પુન્યાર્થે કરાવેલા '**શ્રી ત્રિભુવનપાળ વિહાર**' માં ૯૬ ક્રોડ દ્રવ્ય (સોનામહોરો) નો વ્યય કર્યો હતો. આ કેટલી ઉદારતા, ભક્તિનિષ્ઠતા અને કર્તવ્ય પરાયણતા ?

૩. શ્રી **અર્બુદાચલ ( આબુગઢ )** ઉપર શ્રી **વિમળ મંત્રીશ્વરે** શ્રી આદીશ્વર ભગવાનનો મહાપ્રસાદ બંધાવી **પ્રતિષ્ઠા સમયે** ઉદારતાથી જે દાન વર્ષાવ્યું તેથી તે પ્રદેશમાં આજ પણ '**વિમલ શ્રી સુપ્રભાતં**' કહેવાય છે તેનો અર્થ નીચે મુજબ છે.

**વિમલ**=મંત્રીશ્વર અને **શ્રી દેવી** તેની ભાર્યા ( સ્ત્રી ), તેમની જેમ તમોને પણ **સુપ્રભાત** થાઓ ! મતલબ કે **વિમલશા મંત્રીશ્વરે** તે સમયે વર્ષાવેલું દાન એક **આશિર્વાદ**રૂપે અદ્યાપિ ગવાય છે. એ જેવી તેવી વાત ગણાય નહિ.

૪. પૃથ્વી ઉપર થયેલા **દાનવીર, પરોપકારી** અને **કર્તવ્યનિષ્ઠ** પુરૂષોએ પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરી અત્યંત ઉદારતાથી તેનો સદ્વ્યય કરેલો છે તે ઉપરથી સમયજ્ઞ જનો આવો હાર્દ ( રહસ્યાર્થ ) બતાવે છે કે " નીચ ગતિમાં જનારા લોકો પોતાનું ધન પૃથ્વીમાં ( નીચું ) દાટી રાખે છે, ત્યારે સત્પુરૂષો તેમનું ધન ઊંચા પદની અભિલાષાથી ગુરૂ ચૈત્યાદિક ઉચ્ચ સ્થળે જ યોજે છે—સ્વદ્રવ્યનો સદ્વ્યય જ કરે છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. **આંબડદેવ મંત્રીશ્વરે** ૬૩ લાખ દ્રમ્મો ( સોનામહોરો ) નો વ્યય કરીને **શ્રી ગિરિનાર** ઉપર ચઢવાને સુગમ પડે એવા પગથિયાંવાળો માર્ગ બંધાવ્યો હતો. તે મંત્રીશ્વર કુમારપાળ ભૂપાળના વખતમાં થયેલા જાણવા.

૬. **શ્રી દેવગિરિ દેશે, કુલ્યપાક નગરે** શ્રી રૂષભદેવ સ્વામીના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ સ્વ મુદ્રા માણિક્ય નિર્મોપિત શ્રી રૂષભદેવ સ્વામી ( જીવિત સ્વામી ) ની પ્રતિમા વિદ્યમાન છે. આ તીર્થરૂપ પ્રતિમા ઘણી પુરાતન છે. દક્ષિણ દેશમાં આ સ્થળ યાત્રા માટે સુપ્રસિદ્ધ છે.

૭. સંપ્રતિ મહારાજ તથા કુમારપાળ ભૂપાળનીપેરે શ્રી **વસ્તુપાળ મંત્રીશ્વરે** પણ ૫૦૦૦ જિન પ્રાસાદો તથા સવાલાખ સર્વ જાતીય જિનબિંબો કરાવ્યા છે. સર્વ જાતીય એટલે ધાતુનાં, પાષાણનાં વિગેરે સર્વ જાતનાં જાણવાં. આ ઉપરાંત તે મંત્રીશ્વરે શ્રી સંઘ ભક્તિ–વાત્સલ્ય અને તીર્થયાત્રાદિકમાં અનર્ગળ દ્રવ્ય ખર્ચ્યું છે. વળી તેમણે ૭ ક્રોડ સોનામહોરો ખર્ચીને સાત સરસ્વતી ભંડારો કરાવ્યા છે. તેમાં એક તો સુવર્ણમય અક્ષરોથી લખાવીને અને બાકીના છ શાહીથી લખાવીને શાસ્ત્ર ભંડારો કરાવ્યા છે.

### ઉપસંહાર.

ઉપદેશ તરંગિણીમાં આ અને બીજાં કહેલાં અનેક ઉદાર ચરિત્રો ઉપરથી સાર–નવનીત એ નિકળે છે કે “ જીવ જેવું વાવે તેવું લણે ” “ As you sow, so you reap. ” આ પુનિત વચનને માન આપીને જ પૂર્વ મહાપુરૂષોએ **સ્વાત્માર્પણ**=ઉદાર દીલથી પોતાના તન, મન, ધનનો ભોગ આપ્યો છે, પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું છે, તેમ વર્તમાન કાળમાં પણ કંઇક વિરલ મહાનુભાવ પુરૂષો સ્વાત્માર્પણ કરવા ઉજમાળ રહે છે અને ભવિષ્યમાં પણ એજ મહાવાકયને અનુસરી ઉત્તમ જનો સ્વકર્તવ્ય સમજી સ્વાત્માર્પણ કરવા ઉજમાળ થાશે. એજ પ્રશંસાપાત્ર અને અત્યંત હિતકર છે. ઇતિશમ્.

# ધર્મના ચિન્હ.*

શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજના રચેલા **ષોડશક** નામના પ્રકરણમાં પ્રથમ સદ્ધર્મ પરીક્ષક, દેશનાવિધિ અને ધર્મ સ્વલક્ષણ–આ ત્રણનું સ્વરૂપ બતાવનારા ત્રણ ષોડશક કહ્યા પછી ચોથું ષોડશક એ યુગ પ્રધાન મહાત્માએ ધર્મના લિંગને ( લિં ) વિસ્તારથી બતાવવા માટે કહ્યું છે. તેના પ્રારંભમાં કહે છે કે–“ સિદ્ધ

* આ લેખ જૈ. કો. હેરલ્ડના પર્યુષણના અંકમાં આપવામાં આવ્યો છે પરંતુ વિશેષ ઉપકારક હોવાથી અહીં પણ દાખલ કર્યો છે. **તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલા અર્થાત્ નિષ્પન્ન થયેલા ધર્મ સ્વરૂપના સમ્યગ્ એવા લિંગો–લક્ષણો પરમાર્થને જાણવાવાળા તત્વજ્ઞોએ ભવ્ય જીવોના સુખાવબોધને માટે આ પ્રમાણે શાસ્ત્રમાં કહેલાં છે. ”

औदार्यं दाक्षिण्यं, पापजुगुप्साथ निर्मलो बोधः ।
लिंगानि धर्मसिद्धेः, प्रायेण जनप्रियत्वं च ॥

“ ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા ( પાપ પરિહાર ), નિર્મળ બોધ અને પ્રાયે લોકપ્રિયત્વ–આ પાંચ ધર્મની નિષ્પત્તિના ચિન્હો છે. ”

હવે આ પાંચે લક્ષણોનું સ્વરૂપ વિસ્તારથી કહે છે—

કૃપણભાવ ( કાર્પણ્ય ) નો પરિત્યાગ, આશયનું મહત્વ ( મનનું મોટાપણું ), ગુરૂ અને દીનાદિકમાં ઔચિત્ય વૃત્તિ અથવા કાર્યપરત્વે પણ ગુર્વાદિકમાં અત્યંત ઔચિત્ય વૃત્તિ તેને **ઔદાર્ય** કહીએ. આમાં ગુરૂ શબ્દે ગૌરવને યોગ્ય એવા માતા, પિતા, કળાચાર્ય, પોતાની જ્ઞાતિવાળા, વૃધ્ધો અને ધર્મોપદેષ્ટા–એ સર્વ જાણવા. તેમનું સર્વ પ્રકારે ઉચિત જાળવે, તેમાં તેમજ નિરાધાર એવા દીનાદિકને સહાય કરવામાં સંપૂર્ણ ઉદારતાવાળો હોય–દાનાદિ પરિણામમાં સંકુચિત વૃત્તિવાળો ન હોય, ચિત્તની મહત્વતાવાળો હોય, તુચ્છ વૃત્તિવાળો ન હોય–આ ધર્મ નિષ્પત્તિનું પહેલું ચિન્હ જાણવું.

હવે બીજું લક્ષણ કહે છે—પારકા કાર્યમાં ઉત્સાહવાળો, શુભ અધ્યવસાયવાળો, ગાંભીર્યવાળો, ધૈર્યતાવાળો, અને માત્સર્યનો વિઘાત કરનારો તેને **દાક્ષિણ્યવાન્** કહીએ. પોતાનું કાર્ય છોડીને–પોતાના કાર્યનો વિનાશ થવા દઇને પણ જે પારકું કામ કરી આપે–એવે પ્રસંગે ના પાડી ન શકે એવો, જેનો અધ્યવસાય કોઇનું અહિત કરવાના–માઠા તો વર્તતા જ ન હોય–શુભ અધ્યવસાય વર્તતા હોય તેવો, બીજાઓ જેના હૃદયને જાણી ન શકે એવો ગંભીર, કોઇ પણ કાર્યમાં ધૈર્યતા–સ્થિરતાવાળો, ઉતાવળો કે સાહસ કરી નાખે એવો નહીં અથવા ભય હેતુની પ્રાપ્તિમાં પણ નિર્ભય રહેનારો–ધીરજવાળો, અને પારકી પ્રશંસાને નહીં સહન કરી શકવારૂપ જે મત્સર તેથી રહિત–એવા ગુણવાળો જે હોય તે **દાક્ષિણ્ય** નામના ધર્મના બીજા ચિન્હે યુક્ત સમજવો.

હવે ત્રીજું લક્ષણ કહે છે–અવિપરિત એવા શુદ્ધ મનવડે સતત્ પાપનો ઉદ્વેગ, પાપનું ન કરવાપણું, અને પાપની અચિંતા તેનું નામ **પાપજુગુપ્સા** કહીએ. આમાં ત્રણે કાળનો સમાવેશ કરવામાં આવેલો છે. અતીતકાળે જે કાંઇ પાપ થયેલાં–કરેલાં હોય તેનો ઉદ્વેગ–પશ્ચાત્તાપ–નિંદા અને વર્તમાન કાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપનું ન કરવાપણું તેમજ ભવિષ્ય કાળે પાપકાર્યનું નહિ ચિંતવવાપણું અર્થાત્ હવે પછી અમુક પાપકાર્ય કરવું છે એવું ચિંતવન પણ નહિં–આ પ્રમાણે ત્રણે કાળ સંબંધી પાપનો પરિહાર અથવા કાયાવડે પાપ ન કરવારૂપ પરિત્યાગ, વચનવડે પૂર્વકૃત પાપની નિંદા અને મનવડે પાપનું અચિંતન–એમ ત્રણે યોગથી પણ **પાપનીજુગુપ્સા** તે ધર્મતત્ત્વની પ્રાપ્તિનું ત્રીજું ચિન્હ સમજવું.

હવે ચોથું લક્ષણ કહે છે–શમગર્ભિત શાસ્ત્રના યોગથી એટલે તેવાં શાસ્ત્રો સાંભળવા વિગેરેથી થયેલો શ્રુતસાર, ચિન્તાસાર અને ભાવનાસારરૂપ ત્રિવિધ **નિર્મળબોધ** તે ધર્મતત્ત્વની પ્રાપ્તિનું ચોથું ચિન્હ સમજવું. જેમાં ઉપશમ ભાવ ભરેલો છે એવા ધર્મશાસ્ત્રો સદ્ગુરૂની–બહુ શ્રુતની જોગવાઇએ સાંભળવા–વાંચવા–વિચારવાથી પ્રાણીને નિર્મળ બોધની પ્રાપ્તિ થાય છે—સ્વયમેવ વાંચનથી થતી નથી. તે બોધ શ્રુતસાર, ચિંતાસાર અને ભાવનાસાર એમ ત્રણ પ્રકારનો કહેલો છે. તેનું સ્વરૂપ આગળ ઉપર કહેવામાં આવશે. આવો નિર્મળ બોધ જેને હોય તેને ધર્મતત્ત્વની પ્રાપ્તિ થઈ છે એમ સમજવું.

હવે પાંચમું લક્ષણ કહે છે–પોતાને અને પરને રાગાદિ દોષરહિત અને ધર્મ નિષ્પત્તિરૂપ ફળને આપવાવાળું **જનપ્રિયતા** અહીં ગ્રહણ કરવું. ધર્મની પ્રશંસા વિગેરેમાં વર્તતા જીવો બીજાધાનાદિ ભાવવડે ધર્મ સિદ્ધિરૂપ ફળને પામે છે–એટલે જનપ્રિયત્વ ગુણવાળાના ધર્માદિકની અન્ય મનુષ્યો પ્રશંસા કરે છે. અને તેમ કરવાથી તેઓ ધર્મરૂપ બીજને પામે છે તેથી એવી રીતે અન્યને ધર્મ સિદ્ધિરૂપ ફળને આપવાવાળું જનપ્રિયત્વ શુદ્ધ જાણવું. ધર્મરૂપ બીજ જો અન્ય મનુષ્યના હૃદયરૂપ ક્ષેત્રમાં વવાયું તો પછી તેના અંકુર, પત્ર, પુષ્પ, ફળ વિગેરેની પ્રાપ્તિ પણ તેને થશેજ એમ સમજવું. આ બીજ પુણ્યાનુબંધી પુણ્યરૂપ હોવાથી આગામી કાળે અવશ્ય ફળદાયક જ થાય છે. શુદ્ધ, નિરૂપાધિક અને સ્વાશ્રય ગુણ નિમિત્તે ઉત્પન્ન થયેલ જનપ્રિયત્વ મેળવવાથી તેના કરેલા ધર્મની પ્રશંસા કરવા ઉપરાંત તે (ધર્મ) કરવાની ઇચ્છા, તેનો અનુબંધ, તેના ઉપાયની અન્વેષણા, તેમાં પ્રવૃત્તિ, સદ્ગુરૂનો સંયોગ અને સમ્યક્ત્વનો લાભ (બીજાધાન) તેમજ ધર્મરૂપ વૃક્ષના બીજ તુલ્ય પુણ્યાનુબંધી પુણ્યનો ન્યાસ ઇત્યાદિકની પણ અન્ય જનોને પ્રાપ્તિ થાય છે. આટલા કારણથી તેના (ધર્મના) પ્રયોજકપણાને લઇને જનપ્રિયત્વરૂપ લક્ષણ મેળવવું યુક્ત છે અને તેને ધર્મપ્રાપ્તિના ચિન્હરૂપ કહેવામાં આવેલ છે.

આ પ્રમાણે ઔદાર્યાદિક ધર્મતત્ત્વના ચિન્હો વિધિતરીકે પ્રતિપાદન કરીને પછી ધર્મતત્ત્વમાં વ્યવસ્થિત પુરૂષોમાં વિષયતૃષ્ણાદિ દોષો પણ ન હોય તે વ્યતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેક તરીકે બતાવવામાં આવેલા છે. તેના આરંભમાં કહ્યું છે કે—આરોગ્ય સતે જેમ પુરૂપને વ્યાધિવિકારો ન હોય તેમ ધર્મરૂપ આરોગ્ય સતે પાપવિકારો પણ નજ હોય. પાપવિકાર કયા કયા ન હોય? તે નીચે પ્રમાણે—

तन्नास्य विषयतृष्णा, प्रभवत्युच्चैर्न दृष्टिसंमोहः ।
अरुचिर्न धर्मपथ्ये, न च पापाक्रोधकंडूतिः ॥

ધર્મતત્ત્વથીયુક્ત પ્રાણીમાં વિષયતૃષ્ણા ન હોય, અત્યંત દૃષ્ટિસંમોહ ન હોય, ધર્મરૂપ પથ્યમાં અરૂચિ ( અભિલાષાભાવ) ન હોય અને પાપના હેતુભુત ક્રોધ કે જે ઉપશમનો નાશ કરનાર છે તે ન હોય.

હવે એ ચારે દોષોનું વિશેષ સ્વરૂપ બતાવે છે—

૧ ગમ્યાગમ્યનો વિભાગ તજી દઇને એટલે આ સ્વદારાજ ગમ્ય છે-વિષય-સેવન યોગ્ય છે, અન્ય પરસ્ત્રીઓ અથવા માતા, બ્હેન, પુત્રી વિગેરે અને રાજા ગુરૂ, શેઠ કે મિત્રાદિકની સ્ત્રી વિગેરે-એ સર્વ અગમ્ય છે એવી વહેંચણ વિના સર્વત્ર જે પ્રાણી વિષયમાં અતૃપ્તપણે યથેચ્છ વર્તન કરે તેની જે તીવ્ર વિષય બુદ્ધિ તે **વિષયતૃષ્ણા** કહીએ. આવી વિષયતૃષ્ણા ધર્મતત્ત્વની પ્રાપ્તિવાળા પ્રાણીમાં કદીપણ ન હોય. વિષય શબ્દે શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શાદિક જાણવા. તેમાં અતૃપ્ત એટલે નિરંતર સાભિલાષી સમજવો. જેનો અભિલાષ કોઈ પણ વખતે શાંતિજ પામતો ન હોય તેવો મનુષ્ય વિષયતૃષ્ણાવાન્ સમજવો.

૨ બીજો દૃષ્ટિસંમોહ રૂપ મહાન્ દોષ તેનામાં ન હોય. દૃષ્ટિ તે દર્શન—આગમ—જિનમત તેમાં સંમોહ તે સંમૂઢતા—અન્યથા કહેલાની અન્યથા પ્રતિપત્તિ તે દર્શનસંમોહ. અહિંસા પ્રશમ વિગેરે તો જો કે અન્ય શાસ્ત્રોમાં સરખી રીતેજ ગ્રાહ્ય કહેલા છે પરંતુ તેની પરિભાષામાં ઘણો ભેદ રહેલો છે. એક આરંભમાં પ્રવર્તતો પુરૂષ તેના ફળને જોઇને તે આરંભ તે સાવદ્ય માને છે ત્યારે બીજો તેની સરખાજ આરંભમાં પ્રવર્તતાં છતાં તેને નિર્દોષ માને છે. આવી બાબતમાં જે સત્યની પરીક્ષા ન થવી તે **દૃષ્ટિસંમોહ** કહેવાય છે. દૃષ્ટાંત તરીકે જીવ-હિંસાથી પાપ સર્વ શાસ્ત્રો કહે છતાં એક જળાશયમાં પડીને સ્નાન કરવામાં, કન્યાદાન દેવામાં અને પશુ યજ્ઞાદિકમાં આરંભ માને ત્યારે બીજો તેને નિર્દોષ માને, એટલુંજ નહીં પણ તેને ઉલટા પુન્યના કારણ માને. આવી બાબતમાં જે સંમુઢતા—કૃત્યાકૃત્યનું નહીં સમજવાપણું તે દોષ સર્વ દોષમાં પ્રાધાન્ય છે અને તેજ દૃષ્ટિસંમોહ કહેવાય છે. આ દોષ અધમમાં પણ અધમ છે.

બીજી રીતે ચૈત્યાદિક યતનાપૂર્વક કરાવવામાં એક જ્યારે અહિંસારૂપ ફળ માની તેમાં પ્રવૃત્તિ કરે ત્યારે બીજો એમાં આરંભ ને તજ્જન્ય હિંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માને એ પણ દૃષ્ટિસંમોહ છે. આ દોષમાં સંજ્ઞા ભેદવડે અન્ય અન્ય શાસ્ત્રમાં જુદી જુદી શબ્દરચના હોવાથી તેને અગ્રાહ્ય માનવું નહીં. જેમકે જૈનશાસ્ત્રોમાં અહિંસા, સત્યાદિકને મહાવ્રતો કહ્યા છે અને પાતંજળાદિકે તેને નિયમો કહ્યા છે તો તેટલા ઉપરથી મહાવ્રતાદિ પ્રતિપાદક અમારા આગમ સમીચીન છે અને અકરણ નિયમાદિ પ્રતિપાદક અન્યના આગમ અસમીચીન છે, એવો આગ્રહ કરવો તેપણ દૃષ્ટિસંમોહ છે. કેમકે સદ્વચનોનું પરસમયમાં વર્તતાં પણ સ્વસમયથી અનન્યપણું છે. વળી ચૈત્ય સંબંધી ક્ષેત્ર, હિરણ્ય, ગ્રામાદિકના રક્ષણમાં શાસ્ત્રીય અધ્યવસાયના ભેદવડે જે પ્રવૃત્ત હોય અર્થાત્ પોતે તેના ફળનો અનુપભોગી રહીને કેવળ આગમાનુસારીપણે તેની ઉપેક્ષા ન કરવાના વિચારથી ગામ ક્ષેત્રાદિ આરંભને નહિ તજતો સતો સ્વપરની ભાવાપત્તિને નિવારવાના અધ્યવસાયની પ્રવૃદ્ધિથી જે તેમાં પ્રવર્તતો હોય તેને દૃષ્ટિસંમોહ દોષ લાગુ પડતો નથી. કારણ કે તેમાં અધ્યવસાય વિશુદ્ધ હોવાથી દૃષ્ટિસંમોહ નથી. આ દોષ જે અંગે ઘણી જાતની વિચારણા રહેલી છે તે બહુ શ્રુતોથી સમજી લેવી.

૩ ત્રીજો દોષ ધર્મ પથ્યમાં અરૂચિરૂપ છે તે આ પ્રમાણે–ધર્મનું સાંભળવું–અવિપરિતાર્થનું ધારવું, તેમાં અનાદર–તત્ત્વ તે પરમાર્થ, તેનો રસ તે આસ્વાદ, તેના અનુભવમાં વિમુખતા અને ધાર્મિક એવા પ્રાણીઓની સાથે આસક્તિ (પ્રીતિનો) અભાવ–આ બધા ધર્મપથ્યમાં અરૂચિના ચિન્હ છે. તે ધર્મ તત્ત્વની જેને પ્રાપ્તિ થઇ હોય તેવા જીવમાં ન હોય.

૪ ચોથો દોષ ક્રોધકંડૂતિ નામનો છે તે આ પ્રમાણે––પોતામાં અછતા એવા અસત્ય દોષો કોઇ પાસે સાંભળવાથી અંતઃકરણ પ્રજ્વલિત થઇને બહાર પણ અપ્રસન્નતા બતાવતા સતા જે સ્ફુરણા થાય અથવા અવિચારિતપણે કાંઈ પણ કાર્ય કરવાથી પોતાને દુર્ગતિ વિપાકરૂપ અત્યંત અહિતની જેનાથી પ્રાપ્તિ થાય તેવું ક્રોધજન્ય કાર્યનું જે પરિણામ તે **ક્રોધકંડૂતિનું** ચિન્હ સમજવું. એવી ક્રોધકંડૂતિ ધર્મતત્ત્વની પ્રાપ્તિ જેને થઇ હોય તેને ન હોય. તે પોતાના દોષ કહેનાર ઉપર પણ ક્રોધ કરેજ નહીં. કદિ ક્રોધ થઇ જાય તો તે અલ્પ સમયમાં શમી જાય–તેના ફળ પર્યંત પહોંચે નહીં. તેવા ક્રોધવડે તે કાંઈ પણ અવિચાર્યું કાર્ય તો કરે જ નહીં, તેથી ક્રોધના ફળરૂપ દુર્ગતિ તો તેને પ્રાપ્ત થાય જ નહીં. ધર્મતત્ત્વની પ્રાપ્તિવાળાનો ક્રોધ બહુ અલ્પ–મંદ હોય છે.

ઉપર જણાવેલા ચારે પ્રકારના પાપવિકારો ધર્મતત્ત્વની પ્રાપ્તિવાળા બુદ્ધિમાન્ મનુષ્યમાં ઉદ્‌ભવેજ નહીં. તેનામાં તો ધર્મરૂપ અમૃતના પ્રભાવથી મૈત્ર્યાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોનો ઉદ્ભવ થાય તે ગુણો આ પ્રમાણે—

પરજીવોનું હિત ચિંતવવું તે **મૈત્રી**, પરના દુઃખોનો વિનાશ કરવો તે **કરૂણા**, પરના સુખને જોઇને સંતોષ (આનંદ) પામવો તે **તુષ્ટિ**, ને પારકા અવિનયાદિ દોષ કે જેનું નિવારણ થઇ શકે તેમ ન હોય તેમાં માન રહેવું તે **ઉપેક્ષા**–આ ચાર ગુણ પ્રગટે છે. આમાં નિવારણ થઇ શકે તેવા દોષમાં ઉપેક્ષા કરવા યોગ્ય નથી એમ સમજવું.

આ પ્રમાણે ઔદાર્યાદિ ચિન્હો આ પ્રાણીમાં ધર્મની સિદ્ધિ થયેલી છે તેમ બતાવી આપનારા છે. પુણ્યના ઉપાય શાસ્ત્રમાં ચાર કહ્યા છે.

**दया भूतेषु वैराग्यं, विधिदानं यथोचितम् ।**
**विशुद्धा शिलवृत्तिश्च, पुण्योपायाः प्रकीर्त्तिताः ॥**

" પ્રાણીમાં દયા, વૈરાગ્ય, યથોચિત વિધિયુક્ત દાન, ને વિશુદ્ધ શીળવૃત્તિ ( સદાચરણ ) આ ચાર પુણ્યના ઉપાયો કહેલા છે. " આદિ શબ્દથી જ્ઞાનયોગ ઉપાયની પરિનિષ્પત્તિ પણ સદ્હેતુપણે સિદ્ધ છે એમ જાણવું.

આ લેખને વાંચીને પ્રથમ તો પોતાના આત્મા તરફ દૃષ્ટિ કરી ઉપર જણાવેલા ચિન્હોમાંથી ઔદાર્યાદિ કયા કયા ચિન્હો પોતામાં છે? વિષય તૃષ્ણાદિ કયા કયા દોષો પોતામાં નથી? અને મૈત્રી વિગેરે કયા કયા ગુણો પોતામાં લભ્ય છે? તેનો વિચાર કરવો અને ત્યારપછી જે ચિન્હ ન હોય તે મેળવવાનો, જે દોષ જણાય તે દૂર કરવાનો અને જે ગુણની ખામી જણાય તેને પ્રાપ્ત કરવાનો તેમજ છેવટે જે પુણ્યના ઉપાયો બતાવ્યા છે તેમાં પ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન કરવો. ફોગટ જગત્માં ધર્મી કહેવરાવવાનો પ્રયત્ન કરવાને બદલે એવા ચિન્હો જ સ્ફુટપણે મેળવવા કે જેથી પોતાને ધર્મી કહેવરાવવું ન પડે પણ જેમ કસોટીએ ચડવાથી સોનાને તેના પરીક્ષકો જ સુવર્ણ તરીકે ઓળખે છે ને ઓળખાવે છે તેમ સર્વ મનુષ્યો ધર્મી તરીકે સહેજે જ ઓળખે. આ વિષય બહુજ વિચારવા યોગ્ય છે અને ઘણોજ ઉપયોગી છે તેથી તેનું વારંવાર મનન કરવું કે જેથી તેમાં બતાવેલા સુચિન્હો સ્વયમેવ પ્રાપ્ત થાય. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंद राजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૧૯૨ થી. )

## પ્રકરણ ૮ મું.

હવે ચંદરાજાને ન્હવરાવી ઉત્તમ વસ્ત્રાભૂષણો પહેરાવ્યાં અને વરઘોડાને લગતી બીજી તમામ પ્રકારની તૈયારી કરી. સિંહળરાજાને ઉતારેથી વરઘોડો આગળ ચાલ્યો. લોકો ચારે તરફ જોવાને હળીમળી રહ્યું. લોકો કહેવા લાગ્યા કે–' જુઓ ! સિંહળરાજાનો પુત્ર કનકધ્વજ વરરાજા અપ્રતિમ રૂપશાળી ચાલ્યા આવે છે. ' એ વખતે હજારો દીપકો ચારે બાજુ પ્રકટાવેલા છે તે જોતાં સૂર્ય તો રાત્રિ હોવાથી આવી શકયો નથી, પરંતુ પોતાના કીરણોને જાનૈયા તરીકે મોકલ્યા હોય એમ જણાય છે. એ વખતે દિનકરને વાહને ચંદ્રમા ચડયો લાગે છે. અને જેમ ચંદરાજા વરઘોડે ચડ્યા છે છતાં કનકધ્વજ ગીતમાં ગવાય છે તેમ ચંદ્રની શોભા પણ વધી પડી છે. કેટલાક કહે છે કે ' આતો કનકધ્વજ નહીં–કોઇ બીજો જણાય છે. ' વળી કેટલાક કહે છે કે–' આપણે કનકધ્વજને કયાં જોયો હતો, માત્ર સાંભળ્યો હતો; અને જેવો સાંભળ્યો હતો તેવો તો અત્યારે દેખાય છે. આવો અપૂર્વ રૂપવંત વર મળવાથી આપણા નૃપની પુત્રી પૂરી ભાગ્યશાળી જણાય છે–આની માતાને પણ ધન્ય છે કે જેણે આવા પુત્રને જન્મ આપ્યો છે. આના રૂપની પાસે દેવનું રૂપ પણ કાંઇ હીસાબમાં નથી. '

આ પ્રમાણે વરઘોડો ધીમે ધીમે ચાલતો લોકોની વરને જોવાની મનોવૃત્તિને સંતુષ્ટ કરતો તોરણ પાસે આવ્યો. સ્ત્રીઓ પણ વેવાઈનું ઘર પાસે આવવાથી બમણા જોસથી ગીત ગાવા લાગી. પછી વર ઘોડા ઉપરથી ઉતર્યા અને સાસુએ ગોરે બતાવેલી વિધિપ્રમાણે વિધિ કરીને–પોંખીને મંડપમાં લીધા. વર માતૃગૃહ (માયરા) માં બેઠા એટલે પ્રેમલાલચ્છી (કન્યા) ને લાવીને તેની સામે બેસાડવામાં આવી. તે બંનેની જુગતી જોડી જોઇને સર્વે લોકો કહેવા લાગ્યા કે–' આતો બરાબર કામદેવ અને રતિની જેવી જોડી મળી છે. પ્રભુ આ જોડને અખંડ રાખજો. ' આ પ્રમાણે સર્વ માણસો આશિર્વાદ આપવા લાગ્યા.

હવે વીરમતી ને ગુણાવળી પણ નગરમાં ફરી ફરીને ત્યાં વરને જોવા માટે આવ્યા અને એકીટસે તેને જોવા લાગ્યા. તે વખતે વરકન્યાને ચોરીમાં લાવવામાં આવ્યા અને ચારે મંગળ વર્ત્યાં. વિધિપૂર્વક લગ્નક્રિયા પૂરી થઇ. તે વખતે ગુણાવળી સાસુને કહેવા લાગી કે–" હે બાઇજી ! આ વર તો આપણો ઓળખીતો છે. એ તમારાં પુત્ર જ છે. હું વીશે વિશ્વા કહું છું કે એમાં ફેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી." વીરમતિએ તેનું કહેવું તદ્દન અસંભવિત હોવાથી માન્યું નહીં અને તે તરફ ધ્યાન પણ આપ્યું નહીં. એટલે વરને બરાબર નિહાળી જોઇને ફરી ગુણાવળી બોલી કે-"અરે બાઇજી! હું કહું છું તે ખરેખરૂં છે. આ મારા પ્રીતમજ છે અને એને પરણીને આ પ્રેમલાલચ્છી સાચેસાચી મારી શોક્ય થઇ છે. આપણે બે જેમ આવ્યા તેમ એ પણ કોઇ રીતે આવ્યા જણાય છે. મને એ વાતમાં પૂરેપૂરો સંદેહ પડ્યો છે." સાસુ બોલ્યા કે-"અરે વહુ! એવી કચપચ શામાટે કરે છે અને ખોટો સંદેહ શા માટે લાવે છે? ચંદ તો આભાપૂરીમાં સુતો છે અને આ તો કનકધ્વજકુમાર છે. હું તને કહેતી હતી કે ચંદ કરતાં પણ સુંદર મનુષ્યો હોય છે તેનું આ પ્રત્યક્ષ પારખું છે. તું ચંદ ચંદ શું ઝંખ્યા કરે છે? તારો પતિ તો ગારૂડી જેમ નાગને બાંધી રાખે તેમ મંત્રથી બંધાઇને ઉંઘમાં પડેલો છે તે આપણે જઇને છોડશું ત્યારે છુટશે. તું મારૂં વચન માન અને આમ ભોળી થઇને જેને તેને ચંદ કહેવાનું છોડી દે. આ જગત્‌માં સરખે સરખા પણ લાખો મનુષ્યો હોય છે." સાસુના આ પ્રમાણેના વચનો સાંભળી ગુણાવળી મૌન રહી પણ તેના માનવામાં તે વાત આવી નહીં.

હવે અહીં મકરધ્વજ રાજા વરને જોઇને બહુજ રાજી થયો. અને પોતાને આવો જમાઇ મળ્યો તેને માટે પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. તે વિચારે છે કે 'આવા અનુપમ રૂપવાળો વર તે વિધાતા કેમ ઘડી શકી હશે? મારી બેટી જેવી ગુણની પેટી છે તેવોજ તેને વર પણ મળ્યો છે. હવે એ જોડી અવિચળ રહો ને તેમાં ખામી ન આવો.' આ પ્રમાણે મનમાં અત્યંત હર્ષિત થઇને કરમોચન વેળાએ તેણે હાથી, ઘોડા, રથ, મણિ, મુક્તાફળ, સોનું, રૂપું, અશન, વસન, ભૂષણ, ભાજન, શય્યા વિગેરે જે માગ્યું તે આપ્યું. કોઇ પ્રકારની બાકી રાખી નહીં. પછી વરકન્યાએ કંસાર આરોગ્યો. સામસામા સરખે સરખા કોળીયા દીધા ને લીધા. પ્રેમલા પોતાના પતિનું મુખ જોઈ જોઇને મનમાં રાજી થવા લાગી અને વિધાતાનો આભાર માનવા લાગી. પરંતુ તેવામાં તેનું જમણું નેત્ર ફરકયું એટલે તેને ચિંતા ઉત્પન્ન થઇ પણ તેણે તે વાત કોઇને જણાવી નહીં.

પછી વરકન્યા પરણી ઉતર્યા એટલે અનેક પ્રકારના દાન દેવાવડે સિંહળરાજાએ અર્થીજનોને સંતોષ્યા અને ઉત્તમ વાજીંત્રો વાગવા માંડ્યા. તે વખતે કંચનની ચોપાટ માંડીને વરકન્યા સામસામા સારીપાસે રમવા બેઠા. ચંદરાજાએ પોતાના કોમળ કરકમળમાં પાસા લીધા અને જેમ સિંહળરાજા વિગેરે ન જાણે તેમ આ પ્રમાણેની સમસ્યા કહીને પાસા નાખ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સમસ્યા. )

आभापुरंम्मि निवसइ, विमलपुरे ससिहरो समुग्गमिउ ।
अपत्थिअस्स पिम्मस्स, विहिहथ्थे हवइ निव्वाहो ॥

આ પ્રમાણેની સમસ્યા સાંભળીને પ્રેમલા વિચારવા લાગી કે–' પતિ આવું અણમળતું શું બોલે છે ? ' તેનો ભેદ ન પામવાથી પ્રેમલા હાથમાં પાસો લઇને પોતાની ચતુરાઇ બતાવવા બોલી કે—

वसिओ ससि आगासे, विमलपुरे उग्गमीयो जहासुखं ।
जेणामिळूओ जोगो, स करिस्सइ तस्स निव्वाहो ।

આમાં પ્રથમ ચંદરાજા બોલ્યા કે–" આભાપૂરીમાં વસનારો ચંદ્ર વિમળપૂરીમાં ઉગ્યો ( આવ્યો ) પરંતુ આ અપ્રાર્થિત પ્રેમનો નિર્વાહ વિધિને હાથ છે. એટલે આ પ્રેમ કાંઈ માગ્યો મળ્યો નથી–અણમાગ્યો થયો છે. તેનો નિર્વાહ તો વિધાતા અનુકૂળ થાય તોજ થઇ શકે. " તેના ભાવાર્થને પ્રેમલાલચ્છી સમજી નહીં તેથી તેણે આભાપૂરને આકાશ માની ઉત્તર આપ્યો કે–" આકાશમાં વસનારો ચંદ્ર યથાસુખે ( આનંદે ) વિમળપૂરીમાં અત્યારે ઉગ્યો છે. તો જેનાવડે તેનો ને આકાશનો યોગ થયો છે તેજ તેનો નિર્વાહ પણ કરશે–અર્થાત્ વિધાતાજ તેનો નિર્વાહ કરશે. "

આ પ્રમાણેના ભાવાર્થવાળી પ્રેમલાલચ્છીની કહેલી ગાથા સાંભળીને ચંદ રાજાએ જાણ્યું કે–' આ ભોળી નિપુણ છતાં મારા કહેવાનો તો ભાવાર્થ સમજી શકી નહીં. હવે સ્પષ્ટ સમજાવું. ' એમ વિચારી પાસા હાથમાં લઇ રસમાં ને રસમાં તે બોલ્યા કે—

" પુરવ દિશિ એક આભાનગરી, ચંદ નૃપતિ તિહાં રાજા;
છે તસ મંદિર રમવા જેવા, સારી પાસા તાજા.
નવિ છે તેહવી કયાંઇ સજાઈ, તે હોય તો ઈહાં રમીએ;
ફોગટ ઇણ રમતે ગુણવંતી, રાતલડી કિમ ગમીએ. "

આ પ્રમાણે બોલીને ચંદરાજાએ પાસા નાખ્યા. તે વચનો સાંભળીને વિચક્ષણ પ્રેમલા વિચારવા લાગી કે–" આવું અસમંજસ શું બોલે છે ? સિંહલ દેશની સિંહળપૂરીથી મને પરણવા માટે આવ્યા છે ને ત્યાંના વખાણ કરવાને બદલે આભાપૂરીના સારીપાસાના વખાણ કરે છે એ શું ? કયાં પૂર્વમાં આભાપૂરી અને ત્યાં રહેલા ચંદરાજા–એને ને આને સંબંધ શું ? તેથી રખે સિંહળસુતને બદલે ચંદરાજા તો મને પરણતા નથી ? આ વાતમાં જરૂર કાંઇક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદ જણાય છે. ” આ પ્રમાણે તે વિચારે છે એટલામાં તો સારીપાસાનો ખેલ પૂરો થયો. પણ ચતુર લલના પૂર્વની વાતમાં લીન થઇ સતી તેનો જ વિચાર કરવા લાગી.

પછી ચંદરાજા ભોજન કરવા બેઠા. તે વખતે તેમણે પાણી માગ્યું એટલે સ્વચ્છ સુગંધી શીતળ જળ લાવીને પ્રેમલાએ પાયું. તે વખતે ચંદરાજા બોલ્યા કે–‘ જો સુરસરિતા ( ગંગા નદી ) નું પાણી હોય તો આનંદ આવે. ’ પ્રેમલાએ વિચાર્યું કે–‘ એ તો સમુદ્રના તટ પર સિંહળદેશમાં રહે છે ને ગંગા તો પૂર્વમાં છે. પરંતુ કદી એ બાજુ મોસાળ હશે તેથી તેનું પાણી ઝંખતા હશે. ’ આ પ્રમાણે વિચારી મનનું સમાધાન કર્યું; પરંતુ તેના ચિત્તમાં ચટપટી રહ્યા કરી–તેણે પિયુનું ચિત્ત કાંઇક ઉચક જાણ્યું.

તે વખતે સિંહળરાજાએ ચંદરાજાને દૂર બોલાવીને કહ્યું કે–“ હવે રાત થોડી ને રમત ઘણી છે; તમને આવો દુર્લભ મેળો મૂકવાનું મન થતું નથી તો આપણે વળી હજારવાર મળશું, પણ હવે તમે ઝટ નીકળી જાઓ. ” આ પ્રમાણેના તેના વચન સાંભળીને ચંદરાજાએ તરતજ નીકળવાની તૈયારી કરી. કારણકે તેઓ ઘોડો ટુંકારો સહી શકતો નથી. જગત્ રણશૂરાને ભલે શૂરવીર કહે પણ ખરા શૂરા તો વચનશુરા ( વચન પાળનારા ) હોય તેજ છે. જુઓ ! એક વચનને માટે પરણેલી સ્ત્રીને તજી દેવા ચંદરાજા તૈયાર થયા. લગાર પણ આનાકાની કરી નહીં.

પછી રથ તૈયાર કરવામાં આવ્યો હતો તેમાં ચંદરાજા પ્રેમલા સહીત બેઠા એટલે કન્યાને લઇને સિંહળરાજા વાજતે ગાજતે પોતાને ઉતારે આવ્યા. માર્ગમાં યાચકોને પુષ્કળ દાન આપી સંતોષ્યા. ઉતારે આવ્યા પછી ચંદરાજા પ્રેમલાની સાથે એકાંતમાં બેઠા પણ પ્રેમલા તેનું ચિત્ત ચપળ થયેલું જાણી ગઈ. તે વિચારવા લાગી કે ‘ જેવો રંગ પરણતાં હતો તેવો સારીપાસા રમતાં નહોતો; ને સારીપાસા રમતાં હતો તેવો અત્યારે નથી. એ રંગમાં ને આ રંગમાં અત્યંત અંતર છે. ’ તે આમ વિચારે છે તેવામાં કરપલ્લવીવડે હિંસક મંત્રીએ ચંદરાજાને સમસ્યા કરી. ચંદ સમજી ગયા કે ‘ આ મને નીકળી જવાની તાકીદ કરે છે. પણ આ રાત ને આ પ્રેમલાનો સ્નેહ જીવતાં સુધી સાંભરશે. આ પ્રેમ ભૂલી જવાય તેવો નથી. આવા પ્રેમથી વિખૂટા પડવું તે સહેલું નથી. પરંતુ ભાડે પરણેલી સ્ત્રી ઉપર સ્નેહ કરવો શા કામનો છે ? વળી માતા પણ જો વૃક્ષ લઇને ચાલ્યા જશે તો મોટો ઉત્પાત થશે. અને હું જઈ પણ શકીશ નહીં. ’ આમ વિચારીને સર્પ કાંચળી છોડે તેમ પ્રેમલાની ઉપેક્ષા કરીને તે ઉઠ્યા. એટલે પ્રે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલા બોલી કે– ‘સ્વામી કયાં પધારો છો?’ ચંદ કહે–‘દેહ ચિંતા માટે જાઉં છું.’ એટલે પ્રેમલા પાણીની ઝારી ભરીને સાથે ચાલી. ચંદરાજાએ સાથે આવવા ના પાડી પણ તેને કપટ ભાસ્યું એટલે તે વારી રહી નહીં. તેથી ચંદરાજા દેહ પવિત્ર કરીને પાછા આવ્યા. તે વખતે હિંસક અન્યોકિત બોલ્યો કે–‘હે નિશિભૂપ! વહેલો થા. જો તને દિનકર દેખશે તો તારૂં રૂપ પ્રગટ થઇ જશે.’ ચંદરાજા આ અન્યોક્તિ સમજ્યો અને તેથી વારંવાર દ્વારપાસે આવવા લાગ્યો. પરંતુ પુષ્પની પાછળ સુગંધ આવે તેમ પ્રેમલા દરેક વખતે પછવાડે આવી એટલે ચંદરાજા તેને છેતરી શકયો નહીં. પછી સ્નેહથી ઘેલી થયેલી પ્રેમલાએ તેને હાથવડે ખેંચી લાવી શય્યાપર બેસાર્યા અને અનેક પ્રકારે સ્નેહ બતાવતી કહેવા લાગી કે–“આમ ક્ષણ ક્ષણમાં શું કર્યા કરો છો? ક્ષણમાં બહાર જાઓ છો ને ક્ષણમાં અંદર આવો છો તેનું શું કારણ? પહેલા સમાગમમાં જ આવું કપટ કેમ કરવા માંડયું છે? આમ કરશો તો આપણા સ્નેહનો નિર્વાહ કેમ થશે? પહેલા કવળમાં જ મક્ષિકા આવશે તો પછી તે ભોજનમાં સ્વાદ શું રહેશે? તમે પહેલી રમતમાં જ આવો વેશ શું કાઢી બેઠા છો? આમ થશે તો પછી તમે પ્રીતિનો પૂર્ણ નિર્વાહ કેમ કરશો? માટે ચળચિત્તપણું છોડી દ્યો અને જેણે તમારી સાથે ખળતા કરી હોય તેના મુખપર ધૂળ પડો. હે સ્વામી! તમને મળવાની અત્યંત આકાંક્ષા હતી તે સંયોગ તો થયો પરંતુ તેમાં તમારા ચળચિત્તપણાથી ઇચ્છા હતી તેવી મીઠાશ આવતી નથી. બાકી તમે જે ગાથા કહી છે તેથી હું તમારો ભેદ જાણી ગઇ છું એટલે હવે તમને કોઈ રીતે જવા તો દઇશ જ નહીં. માટે હે વાલિમ! મને આશા ભરેલીને નિરાશ ન કરો. હું તમે જે કહો તે કરવા કબુલ છું. હું તમારા પગની મોજડી સમાન છું ને તમે મારા માથાના મુગટ છો. હું તમારે પગે પડું છું. તમારી પાસે ખોળો પાથરૂં છું. તમે શા માટે મોહું મચકોડીને બેસી રહ્યા છો? પ્રસન્ન કેમ થતા નથી? જો હું કાંઇ તમારૂં મન રાખી શકી ન હઉં તો તે અપરાધ ક્ષમા કરો, કેમકે હું તો બાળક બુદ્ધિ છું. વળી હે સ્વામી! કયાં વિમળપૂરી ને કયાં આભાપૂરી? મારો ને તમારો મેળાપ કયાંથી? એ તો કોઇ વિધાતાએ લખેલી વાત બની આવી છે. તમે કહેલી વાત હું સમજી શકી નથી એમ જાણશો નહિ, હું કાંઈ ગમાર નથી કે ન સમજું. વળી જાણયો ગ્રહ પીડતો નથી તે છતાં જો તમે ઉવેખશો તો તેમાં તમારી શોભા ઘટશે. તમારે કઠોર થવું યુક્ત નથી. વળી તમારા સાસરાએ લેવા દેવામાં તમને દુહવ્યા નથી, છતાં કોઇ વાતની ઇચ્છા હોય તો કહો. કેમકે જમાઇ તો લાડકા જ હોય. પણ આમ વગરસ્વાર્થનું રૂસણું લઇને બેસો નહીં. આ તો બાળકની જેવા ઢોંગ દેખાય છે. અથવા તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ દશા મુનિરાજને ઘટે છે, તમે તો સંસારી છો માટે સ્નેહથી વાતચિત કરો. વળી તમે સારીપાસે રમતાં જે વાત કરી છે તે હું ભૂલી જવાની નથી. કદી તમે મને ઉવેખીને ચાલ્યા જશો તો હું તમારૂં ઠેકાણું પૂર્વ દિશાએ આભાપૂરીમાં છે તે જાણતી હોવાથી ત્યાં આવીને મળીશ."

આ પ્રમાણેના પ્રેમલાના વચનો સાંભળીને ચંદરાજા બોલ્યા કે "હે પ્રિયા! તું હઠ શા માટે કરે છે? વિધાતાએ લખેલા લેખમાં અણુમાત્ર પણ ઓછું કે વધતું થવાનુંજ નથી. આ કથા કહેવાય તેવી નથી. બાંધી મુઠી લાખની છે. તું ચતુર થઇને કેમ ચુકે છે? તારા મનને વશ રાખ. મારાથી પણ તારો સ્નેહ છોડાતો નથી. પરંતુ સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે ત્યાં મારો ઉપાય નથી." આ પ્રમાણે કહીને તેણે પ્રેમલાને ઘણું સમજાવી પણ તે કોઇ રીતે સમજી નહીં, તે તો તેનો છેડો પકડીને ઉભીજ રહી. ચંદરાજા ઘણું અકળાવા લાગ્યા પણ તેણે છેડો મૂક્યો નહીં. એટલામાં હિંસકમંત્રી ધસમસતો અંદર આવ્યો અને કઠણ વચન કહીને જોરાવરીથી છેડો છોડાવી દીધો. એટલે પ્રેમલા મંત્રીની લાજ કાઢીને અંદર ચાલી ગઇ અને ચંદરાજા પરણી સ્ત્રીને તજીને બહાર નીકળ્યા.

ત્યાંથી સિંહળરાજા પાસે જઇ ચંદરાજાએ કહ્યું કે–"તમારૂં કાર્ય સિદ્ધ થયું છે. પણ મેં રોતી સુંદરીને મૂકી છે તેની લાજ તમારા હાથમાં છે." આ પ્રમાણે કહી તેની રજા લઇને ચંદરાજા ઉતાવળો હાથમાં ખડ્ગ લઈ બહાર ઉદ્યાનમાં આવ્યો અને સહકાર પાસે આવી તેના કોટરમાં સંતાઇ ગયો, એટલામાં હાથમાં કંબા લઇને વહુ સાથે વીરમતી પણ ત્યાં આવી અને અડધો પહોરજ રાત્રી રહેલી હોવાથી એકદમ ઉતાવળી આંબા ઉપર ચડી ગઈ. એટલે તેની દૃષ્ટિ તેના કોટર તરફ ગઇ નહીં. સાસુ વહુ બંને ઉપર ચડી એટલે આંબો આકાશમાર્ગે ચાલ્યો અને આભાપૂરીનો રસ્તો લીધો.

હવે માર્ગમાં સાસુવહુ વાતો કરે છે ને આંબો ચાલ્યો જાય છે તે આભાપૂરી પહોંચશે એમાં કાંઇ સંદેહ નથી. પરંતુ ત્યાં ગયા પછી શું થાય છે અને ચંદરાજાને શા સંસ્કાર સહન કરવા પડે છે તે આપણે આગલા પ્રકરણમાં જોશું. અહીં આ પ્રકરણ ચંદરાજા ને પ્રેમલાલચ્છીના વિવાહ વર્ણનનું પૂરૂં થાય છે. આ પ્રકરણમાં રહસ્ય શું શું સમાએલું છે તે આપણે વિચારીએ.

## પ્રકરણ ૮માનો સાર.

આ પ્રકરણમાં ઘણી હકીકત તો પ્રેમલાલચ્છી ને ચંદરાજાના સંવાદની છે પરંતુ તેની અંદર બીજાઓએ પોતાનો પાર્ટ ભજવ્યો છે. ગુણાવળી, વીરમતી, સિંહળરાજા ને હિંસકમંત્રી આ ચાર પ્રાસંગિક પાત્રો છે ને ચંદરાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને પ્રેમલાલચ્છી આ હિંસકમંત્રીના રચેલા કપટ નાટકના નાયક ને નાયિકારૂપ મુખ્ય પાત્ર છે. એ કપટ નાટક તેણે પૂરેપૂરૂં ભજવ્યું છે. ચંદરાજા અણધુટકે તેના ભોગ થઇ પડ્યા છે અને પ્રેમલા તો તદન અજાણપણે સપડાઇ ગઇ છે. વીરમતી ને ગુણાવળી પૈકી ગુણાવળીને તો આ કૌતુક જોવા આવવાનું પહેલી રાત્રે જ ભારે પડી ગયું છે. કારણકે તેને તો આ પોતાનો સ્વામી પરણે છે એવી નિઃસંદેહ ખાત્રી થઇ છે. માત્ર તે અહીં આવ્યા શી રીતે? તેનો ખુલાસો તેના મનમાં થઇ શક્યો નથી. વીરમતી તો એ વાતમાં નિઃસંદેહ છે કે ચંદ એ હોય જ નહીં અને તે અહીં આવી શકે જ નહીં–તેને પોતાની મંત્રશક્તિનો મજબૂત ભરૂસો છે. હિંસકમંત્રી તો આ કપટ નાટકનો સૂત્રધાર છે અને સિંહળરાજા આદર્યું તેનો નિર્વાહ કર્યે છૂટકો એમ ધારીને મને કમને પણ અંદર ભળેલ છે. બીજા પ્રેમલાલચ્છીના પિતા અને નગરલોક વિગેરે જુગતી જોડી મળેલી જાણીને–જોઇને રાજી થનાર છે. તેમણે આ નાટકમાં કાંઈ ભાગ લીધો નથી.

આ પ્રકરણના પ્રારંભમાં વરઘોડાની તૈયારી, વરનું જાનીવાસેથી નીકળવું, લગ્નમંડપે પહોંચવું અને ત્યાં લગ્નક્રિયા થવી ઇત્યાદિ હકીકત છે; તેમાં માત્ર લોકોક્તિની વિચિત્રતા વિચારવા જેવી છે. કેટલીક વખતે આમાં કાંઇ પણ પ્રપંચ છે એમ જાણતા ન હોય છતાં પણ ખોટી હકીકતમાં લોકોને સ્વાભાવિક અંદેશો ઉત્પન્ન થાય છે કે–આમાં કાંઇ પ્રપંચ તો નહીં હોય? તેમ આમાં પણ કેટલાક માણસોને એવી શંકા થઈ છે કે–આ કનકધ્વજ નથી, પણ પ્રથમ તેને કોઇએ જોયેલ ન હોવાથી એ વાત આગળ વધી નથી.

વીરમતી ને ગુણાવળી વરને જોવા આવ્યા ત્યારે અતિ પરિચયવાળી ગુણાવળીએ તરત વરને ઓળખીને પોતાની સાસુને ભોળપણથી તે વાત કહી, પણ વીરમતીએ તે વાત બીલકુલ માની નહીં. એટલે તેણે ઉલટી વહુને ટકોર કરી કે 'જેને તેને ચંદ ચંદ કહે નહીં.' કારણકે જગત્‌માં એક સરખા મનુષ્યો પણ હોય છે. જો કે એ વાત તદન અસંભવિત નથી પરંતુ એવું સરખાપણું ક્વચિત્‌જ નજરે પડે છે.

લગ્નક્રિયા પૂરી થતાં કન્યાના પિતા જમાઇને ઘણો દાયજો આપે છે. પછી તે વખતની રીતિપ્રમાણે વરકન્યા સોગઠાબાજી રમવા બેસે છે. તે પ્રસંગે ચંદરાજા પ્રેમલાને તદન ભૂલાવામાં ન રાખવા માટે એક સમસ્યા કહે છે, પ્રેમલા તેનો ઉત્તર આપે છે, પણ તે ચંદરાજાનો આશય સમજી શકતી નથી. તેથી ચંદરાજા ફરી સ્પષ્ટ શબ્દોમાં કહે છે. એટલે પ્રેમલા સમજે છે ખરી પણ તે હકીકત તદન અસંભવિત જણાવાથી શંકારૂપ હીંચોળામાં તે હીંચક્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારીપાસાનો ખેલ પૂરો થતાં વરને ભોજન કરવા બેસાડે છે. તે વખતે પણ ચંદરાજાએ 'ગંગાનદીનું પાણી હોય તો ઠીક પડે' એમ જણાવીને ફરી પ્રેમલાને ચેતાવી છે. તે ચેતી તો ખરી પણ વરનું મોસાળ ત્યાં હશે એમ કલ્પના કરીને તેણે મનનું સમાધાન કર્યું.

હવે સિંહળરાજાએ ચંદરાજાને તાકીદ કરી. કેમકે તેને પોતાને ઉતારે લઈ જાય તો પછી વિદાય કરી શકાય અને તેની જગ્યાએ કનકધ્વજને દાખલ કરવો ઠીક પડે. તેણે ચંદરાજાને કહ્યું કે તરતજ બીજી વાત છોડી દઇને ચંદરાજાએ રથમાં બેસવાની તૈયારી કરી. વરકન્યા રથમાં બેઠા અને જાનીવાસે આવ્યા. ત્યાં વરકન્યા એકાંતમાં બેઠા. તેવામાં હિંસકે કરપલ્લવીવડે ચંદરાજાને નીકળી જવાનું સૂચવ્યું.

આ કરપલ્લવી એવી રીતે થાય છે કે જેથી મુખે ઉચ્ચાર કર્યા શિવાય પરસ્પર વાત કરી શકાય છે; ને તેમાં બીજું કોઈ જાણી શકતું નથી. એનો મુખ્ય પ્રકાર આ પ્રમાણે છે.

**અહિફણ કમળ ચક્ર ટંકાર, તરૂવર પવન યોવન શણગાર;**
**રામ કરે સીતાસેં વાત, અંગુળ અક્ષર ચપટી માત.**

આમાં પૂર્વાર્ધમાં બતાવેલા આકાર હાથવડે કરીને **અ** શબ્દે સ્વર અને ક, ચ, ટ, ત, પ શબ્દે તે પાંચે વર્ગના અક્ષરો તથા **ય** શબ્દે ને **શ** શબ્દે તેની સાથેના ચાર ચાર અક્ષરો. પછી તેમાંથી કેટલામો અક્ષર લેવો તે જણાવવા તેટલી આંગળીઓ બતાવવામાં આવે છે અને માત્રમાટે ચપટી, કાનામાટે સીધીલીંટી અને હ્રસ્વઇ, દીર્ઘઇ ને હ્રસ્વઉ, દીર્ઘઉ માટે હાથવડે તેવો આકાર બતાવવામાં આવેછે. આ બાબત બરાબર ટેવ પડયા પછી એટલી બધી સહેલી થઇ જાય છે કે મુખેવાત કરતાં વાર લાગે તે કરતાં પણ ઓછા વખતમાં વાત થઈ શકે છે. તેની અંદર તાર મુકનારાની સંજ્ઞા ને ઝડપનો દાખલો લેવાનો છે. તે પ્રમાણે આમાં પણ થાય છે. આ કરપલ્લવીની કળા હાલમાં લુપ્તપ્રાય થઇ ગઈ છે પરંતુ એ કળા જાણવા જેવી છે.

હિંસકની કરપલ્લવીને સમજ્યા છતાં પણ પ્રેમલાના આગ્રહથી ચંદરાજા બહાર નીકળી શકયા નહિ, એટલે પછી તે અન્યોક્તિ બોલ્યો.

**અન્યોકતે હિંસક કહે, વહિલો થા નિશિભૂપ;**
**દિનકર જો તુજ દેખશે, પડશે ઝાંખ અવિરૂપ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ કળાપ્રવીણ ચંદરાજા અન્યોક્તિ પણ સમજી ગયા અને બહાર નીકળવા ઉતાવળા થયા, પણ પ્રેમલાએ નીકળવા દીધા નહીં. દેહચિંતાનું મિષ કર્યું તો તે સાથે આવી; એટલે ચંદરાજાને પાછું આવવું પડયું, પછી તો પ્રેમલાએ પોતાના હૃદયનો સઘળો ઉભરો કાઢયો અને જેટલું કહેવાય તેટલું ચંદરાજાને કહ્યું; એટલે પછી ચંદરાજાને પણ કાંઇક ખુલાસો કરવો પડયો અને પોતાને ન રોકવા માટે તેને સમજાવવા લાગ્યા, પણ પ્રેમલા શી રીતે સમજે ? આ તે કંઇ સહજ કામ માટે જવાનું હતું ને પાછા આવવાનું હતું કે પ્રેમલા છોડી દેય ? આ તો જીંદગીનો વિયોગ હતો એટલે તેમાં ચંદરાજાની સમજાવટ ચાલી શકે નહીં એ ઉઘાડી વાત છે.

અંતે ક્રૂર માણસે ક્રૂરપણું કર્યું. હિંસકે અંતઃપુરમાં પેસી જોરાવરીએ ચંદનો છેડો છોડાવ્યો. પ્રેમલા પણ પહેલોજ પ્રસંગ હોવાથી લજાણી અને આઘી ખસી ગઇ. એટલે ચંદરાજા ત્યાંથી બહાર નીકળ્યા. તેને પણ દેહમાંથી પ્રાણ નીકળતાં દુઃખ થાય તેટલું દુઃખ લાગ્યું, પણ વચને બંધાએલ તેથી ઉપાય નહીં. મોટા માણસો પ્રાણ જવા કબૂલ કરે છે પણ વચનભંગ કરતા નથી; જો વચનભંગ કરવું હોત તો અહીં ક્યાં વાર હતી. પોતાના સાસરાને ખરી વાત જણાવે એટલોજ વિલંબ હતો; તેજ વખત સિંહળરાજા ને હિંસકમંત્રીના મ્હોં કાળા થાત ને ભાગી જવું પડત. પણ ઉત્તમ મનુષ્ય તેમ કરે જ નહીં. આ પ્રસંગમાં કઠોર હૃદયની કઠોરતા કેવી હોય છે તે પ્રત્યક્ષ જણાઇ આવે છે. હિંસકે કરેલું અકાર્ય બીજો દયાળુ પુરૂષ કરી શકે નહીં. આવા અપ્રતિમ પ્રેમમાંથી પતિ પત્નીનો કાયમનો વિયોગ બીજો કોણ કરાવી શકે ? ભાવી પ્રબળ છે; પરંતુ કુડને ધૂડ છે ને અંતે સાચું તરી નીકળવાનું છે. સત્યનો જય થાય છે એ વાત નિર્વિવાદ સિદ્ધ છે. આમાં પણ પરિણામ તો એજ આવવાનું છે. પણ અત્યારે તો ચંદરાજાને બહાર કાઢીને હિંસકમંત્રી પોતાનું ધાર્યું પરિણામ આવ્યું જાણીને રાજી રાજી થયો. ચંદરાજાએ છેવટે સિંહળરાજાને તે જો સમજે તો બહુ થોડા પણ લાગતાં વચનો કહ્યાં છે; પરંતુ સ્વાર્થી માણસના નેત્ર મિંચાઇ જતા હોવાથી તે તેને ખરા રૂપમાં સમજી શકતો નથી, અહીં પણ એમજ બને છે.

હવે ચંદરાજા ત્યાંથી નીકળ્યા, વૃક્ષના કોટરમાં પેઠા, સાસુ વહુ આવ્યા, આંબાપર ચડ્યા ને આંબો ઉપડ્યો. હવે ખરેખરો રંગમાં ભંગ તો ગુણાવળીના ભોળાપણથી પડવાનો છે. જોકે અહીં પણ પ્રેમલાલચ્છી સાથેના રંગમાં તો ભંગ પડ્યો છે. પરંતુ હવે જે ભંગ પડવાનો છે તે અસહ્ય છે, તે હકીકત તો આગલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકરણમાં વાંચશું, પણ હમણાતો સાસુ વહુ આંબાપર બેઠા બેઠા શું શું વાતો કરે છે તે સાંભળીએ.

આ પ્રકરણનુ રહસ્ય અહીં સમાપ્ત થાય છે. એમાં સાર સમજવા જેવો ઘણો છે; એમાં પ્રેમનો ચિતાર છે, દુષ્ટતાનો દેખાવ છે, સજ્જનની સજ્જનતા છે, દુર્જનની દુષ્ટતા છે, લજ્જાનું ફળ છે ને વિચક્ષણતાની બલિહારી છે. સમજે તેને માટે આટલું પણ ઘણું છે તેથી વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.

# प्रभुना अंगपर चांडला.

પરમ ઉપકારી સર્વાગમસંમત શ્રી જિનપ્રતિમાના અંગ ઉપર કેશરની ગરમીથી ડાઘા ન પડવાના હેતુથી તેમજ આરસની અંદર છીદ્રો ન પડી જવા માટે રૂપાના, સોનાના અથવા સોને રસેલા અને કેટલાક સાચા ખોટા નંગોથી જડેલા ચાંડલાઓ, શ્રીવચ્છ, ટીંબી વિગેરે ચોડવામાં આવે છે. આની અંદર કાળે કરીને ઉપરોક્ત હેતુ ભૂલી જઇ શોભાનો હેતુ વધી પડેલો છે. આથી અનેક પ્રકારની હાનિઓનો સંભવ થયો છે.

૧ પાપી મનુષ્યો ચાંડલા ઉખેડી—આશાતના કરી ઉપાડી જાય છે.

૨ ચોડવામાં અજ્ઞાન ગોઠીઓ દીવાવડે રાળ તપાવી ડાંભ પડે તેવી રીતે ચાંડલાઓ ચોડે છે.

૩ ભગવંતને શરીરે વિલેપન સારી રીતે કરી શકાતું નથી.

૪ કેટલા ચાંડલા ચોડવા, કયાં કયાં ચોડવા એ બધું ભૂલી જઇ ચોડનારને શોભા લાગે તેમ ચોડવામાં આવે છે.

૫ શ્રીવચ્છ તો તદન બેડોળ લાગે તેવું—ઘણું ઉંચું ચોડવામાં આવે છે.

આ બાબતમાં વિચારણાપૂર્વક સુધારણા થવાની ઘણી જરૂર છે. શાસ્ત્રલેખ ચક્ષુ ને ટીલાને માટે નીકળી શકે છે. ચક્ષુની ખાસ આવશ્યકતા છે અને શ્વેતામ્બર પ્રતિમાનું એ પ્રકટ ચિન્હ છે. જો કે બીજું ચિન્હ કટીભાગે વસ્ત્રનું છે પણ તે પ્રકટ દેખવામાં આવતું નથી અને તેથી ઘણા શ્રાવક ભાઇઓ તો તદન અજાણ જ હોયછે. એ ચિન્હ પુરૂષાકૃતિને આચ્છાદન કરનાર કટીવસ્ત્ર (કચ્છોટ)નું છે અને તેથી અન્યમતિઓ 'શ્રાવકના દેવ નાગા છે' એમ કહે છે તે તદન ભૂલ છે: એમાં માત્ર તેઓ નિંદાજ કરે છે એમ સિદ્ધ થાય છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત તો પ્રસંગે કહી. હવે પ્રસ્તુત ચક્ષુ ટીલા ચોડવાનું કાર્ય પણ એવા પ્રકારની ટીપીને સુકોમળ કરેલી ટાઢી રાળવડે કરવું જોઇએ કે જેથી પરમાત્માની કિંચિત્ પણ આશાતના ન થાય. ટીલાં ચોડવાનું કાર્ય પણ શાસ્ત્રસંમત છે. નળરાજાની રાણી દમયંતિએ પૂર્વભવમાં ચોવીશ પ્રભુના રત્નના તિલક કરાવ્યા હતા, તેથી પ્રસ્તુત ભવમાં એને એવું ભાળતિલક કુદરતી પ્રાપ્ત થયું હતું કે જેથી તેનાપર હાથ ફેરવવાથી તે સૂર્ય જેવો પ્રકાશ કરતું હતું. એ સંબંધી વિશેષ હકીકત તેના ચરિત્ર ઉપરથી જાણવાલાયક છે.

ભાળસ્થળના મધ્યમાં માત્ર તિલક ( ચાંડલો ) ચોડવાને બદલે હાલમાં તો આખા ભાળસ્થળનું આચ્છાદન કરનાર રૂપા કે સોનાની આડ ચોડવામાં આવે-છે. આગળ વધીને એક શહેરમાં એક ગૃહસ્થને તો પ્રભુના મુખપર તંબોળને સ્થાનકે પણ જડતરવાળું તંબોળ કરવાની ઇચ્છા થઇ હતી અને તેનો અમલ પણ થયો હતો પરંતુ પાછળથી તે દૂર કરવામાં આવ્યું હતું.

ભગવંતના હૃદયમાં શ્રીવચ્છનું ચિન્હ હોય છે તે દેખાડવા માટે આરસના બીંબ બનાવતાં જરા ઉંચાઈ કરવામાં આવે છે; પરંતુ તેની ઉપર પછીથી રાળનો લચકો મુકી મોટું શ્રીવચ્છ બનાવી તેના ઉપર જડતર કામ કરાવી ચોડવામાં આવે છે. આ કુદરતી હૃદયના દેખાવ કરતાં કેટલું બધું બેડોળ લાગે છે તે વિચારવાયોગ્ય છે.

નવ અંગ ઉપર ચાંડલા ચોડવાની જરૂર હોય કે ન હોય તો પણ હવે તો દરેક પ્રતિમાને ચોડવામાં આવે છે. કેશરની એટલી બધી અસર થાય તેવું બિંબ ન હોય અથવા પૂજા કરનારની સંખ્યા અલ્પ હોય તેમજ પૂજા કરનારના પ્રમાણમાં બિંબસંખ્યા વધારે હોય ત્યાં પણ છુટા આભૂષણ પહેરાવવાને બદલે ચાંડલા ચોડવાનું કામ આવશ્યક થઈ પડ્યું છે.

વળી ટીલા, ચક્ષુ, ચાંડલા, આડ વિગેરે ચોડવા ઉપરાંત કેટલેક ઠેકાણે બિંબને શોભાવવા માટે કટોરીઓ ચોડવામાં આવે છે અને તેના હાર વિગેરે આભૂષણો દેખાડવામાં આવે છે. આ કોઇ પણ રીતે યોગ્ય જણાતું નથી. તેમજ તે ચોડવાની રીતિ એટલી બધી અજ્ઞાનતાવાળી દેખાય છે કે દીવો પાસે રાખી તેનાપર રાળને તપાવી તરતજ ચોડવામાં આવે છે. આ દેખાવ જ આશાતના ભરેલો છે. એને માટે સુધારો થવાની ખાસ આવશ્યકતા છે. રાળ ખૂબ ટીપાવીને તદન ઢીલી કરી નાખેલી ( ટાઢી ) હોવી જોઇએ અને તેનાવડે ટીલા ચક્ષુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોડવા જોઇએ. બીજા ચાંડલાઓ વિગેરેની પ્રવૃત્તિ તો જેમ બને તેમ ઘટાડવી જોઇએ. નહીં તો ધીમે ધીમે આખા શરીરનું આચ્છાદન કરી દેવામાં આવશે એમ લાગે છે.

વળી પૂજા કરનાર પણ વિવેક રાખીને ચાંડલા ઉપર કરતા નથી અને ચાંડલા પણ વાસ્તવિક અંગને સ્થાનકે ચોડવામાં આવતા નથી. જેથી કેશરની ગરમીની ઉપાધિ તો જેવી ને તેવી કાયમ રહે છે. પગના અંગુઠા ઉપર ચાંડલો ચોડવાને બદલે હવે આખા પંજા રૂપાના કરીને ચોડવામાં આવે છે. આમ દિવસાનુદિવસ રૂપા સોનાનો દેખાવ કરવાનું કામ વધતું જાય છે ને પ્રતિમાના મૂળ સ્વરૂપનું આચ્છાદન થતું જાય છે. આ હકીકત જૈન બંધુઓએ વિચારવા યોગ્ય છે એમ જાણી સવિસ્તર રોશન કરી છે. આશા છે કે સુજ્ઞ જૈન બંધુઓ અવશ્ય તેમાં વિવેકપૂર્વક યોગ્ય સુધારો કરશે.

# वैराग्य शतक.

અનુસંધાન પૃષ્ટ ૧૬૦ થી

જેઓ ચિકણા કર્મથી બંધાએલા છે, તેમને બહુ ઉપદેશ ન આપો, તેમને આપેલી હિત શીખામણ મોટા અનર્થ કે દ્વેષનું કારણ થાય છે. ૭૬.

હે જીવ! અનંત દુઃખનાં કારણ એવા ધન, સ્વજન, વૈભવ વિગેરેમાં તું મમત્વ ભાવ ધારણ કરે છે, પણ અનંત સુખરૂપ મોક્ષના માર્ગમાં બહુ શિથિલ દેખાય છે. ૭૭.

સંસાર દુઃખનું કારણ છે, દુઃખરૂપ ફળવાળો છે, અને દુઃખે કરીને ભોગવાય એવો દુઃખસ્વરૂપી છે; છતાં પણ સ્નેહની સાંકળોથી બંધાયેલા જીવો આ સંસારને ત્યજતા નથી. ૭૮.

પોતાના કર્મરૂપ પવને કરીને ચાલેલો જીવ આ ભયંકર સંસારરૂપી વનમાં દુઃખે કરીને ભોગવાય એવી કઇ કઈ વિટંબનાઓ નથી અનુભવતો? ૭૯.

તિર્યંચ ભવમાં અરણ્ય વિષે, શિયાળામાં શીતળ પવનની લ્હેરોથી ઘણીવાર તારો દેહ ભેદાયો છે, અને આ રીતે અનંતવાર તું મરણ પામ્યો છે. ૮૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્યંચના ભવમાં અરણ્યમાં, ઉનાળાના સખ્ત તાપથી તપેલા તેં બહુવાર ભૂખ અને તરસના દુઃખ વેઠયાં છે; અને ઘણું ઝુરી ઝુરીને મરણ દુઃખ પામ્યો છું. ૮૧.

તિર્યંચના ભવમાં વર્ષાઋતુમાં જઇને, અરણ્યમાં પર્વતની નદીથી ખેંચાઇ, શીતળ પવનથી ઠરી જઇને તું ઘણીવાર મરણ દુઃખ પામ્યો છે. ૮૨.

આ પ્રમાણે તિર્યંચના ભવમાં લાખો ગમે દુઃખ સહન કરતો તું અનંતવાર આ ભયંકર સંસારરૂપી અરણ્યમાં ભટકયો છું. ૮૩.

હે જીવ ! દુષ્ટ આઠ કર્મરૂપી પ્રલયકાળના પવનથી પ્રેરાયેલા અને આ ભયંકર સંસારરૂપી અરણ્યમાં ફરતાં તેં અનંતવાર નરકનાં દુઃખો અનુભવ્યાં છે. ૮૪.

સાતે નરકોમાં વજ્રાગ્નિ જેવી ગરમીથી અને અતિ શીતળતાથી ઉત્પન્ન થતી વેદનાઓમાં કરૂણ શબ્દોવડે વિલાપ કરતો તું અનંતવાર વસ્યો છું. ૮૫.

આ સંસારમાં મનુષ્યભવમાં પણ પિતા, માતા કે સ્વજનવગરનો થઇને અથવા ભારે પીડા સહન કરીને તેં ઘણીવાર વિલાપ કર્યો છે; આ બધું તું કેમ સંભારતો નથી? ૮૬.

આ સંસારરૂપી વનમાં ધન, સ્વજન, વિગેરેનો ત્યાગ કરીને આકાશમાર્ગમાં ન દેખાતા પવનની માફક, આ જીવ એક સ્થાનેથી બીજા સ્થાનમાં ભટકે છે. ૮૭.

જન્મ, જરા અને મરણરૂપ તીક્ષ્ણ ભાલાએ કરી અનેકવાર વિંધાયેલા જીવો, સંસારમાં ફરતાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખો અનુભવે છે. ૮૮.

છતાં પણ અજ્ઞાનરૂપી સર્પથી ડંખ પામેલા મૂઢ મનવાળા જીવો એક ક્ષણવાર પણ આ સંસારરૂપ બંદીખાના તરફ વૈરાગ્ય ધરાવતા નથી ! ૮૯.

જ્યાં દરેક ક્ષણે કાળરૂપ રેંટ તેની ઘડીઓવડે શરીરરૂપી વાવમાંથી જીંદગીરૂપી જળ ખેંચી લે છે; ત્યાં તું કેટલો વખત ક્રીડા કરી શકીશ? ૯૦.

હે જીવ ! બોધ પામ ! હે પાપી જીવ ! પ્રમાદ મ કર ! રે અજ્ઞાની જીવ! પરલોકમાં મહાદુઃખનું ભાજન (પાત્ર) તું કેમ થાય છે? ૯૧.

રે જીવ! બોધ પામ ! અને જિનમત જાણીને સંસારમાં મુંઝાઇ ન જા. હે જીવ! ફરીથી આવી સામગ્રી મળવી બહુ દુર્લભ છે. ૯૨.

જિનધર્મ દુર્લભ છે, તું પ્રમાદની ખાણ છે અને સુખની ઇચ્છા કરેછે. નરકનાં દુઃખ અતિ દુઃસહ છે. આ કારણથી તારૂં સારૂં શું થશે? તે અમે જાણતા નથી. ૯૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે જીવ ! અસ્થિર, મળ સહિત અને રોગાદિને આધિન એવા શરીરવડે સ્થિર, નિર્મળ અને સ્વાધિન એવો જો ધર્મ મળતો હોય તો શું ખામી રહે ? ૯૪.

તુચ્છ વૈભવવાળાને ચિંતામણિ રત્ન મળવું દુર્લભ છે; તેમ ગુણ વૈભવ-રહિત જીવોને ધર્મરત્ન મળવું દુર્લભ છે. ૯૫.

જન્મથી અંધ પુરૂષોને જેમ દૃષ્ટિનો સંયોગ—એટલે દેખવું અશક્ય છે, તેમ મિથ્યાત્વથી અંધ જીવોને જિનમત સંયોગ અશક્ય છે. ૯૬.

અનંત ગુણયુક્ત જિનધર્મમાં દોષનો લેશ પણ અંશ નથી તો પણ હે ભવ્ય જીવો ! અજ્ઞાનથી અંધ થઇ તમે તે જિનધર્મમાં કેમ જોડાતા નથી ? ૯૭.

મિથ્યાત્વમાં ( અસત્ય મતમાં ) અનંત દોષ પ્રગટપણે દેખાય છે, ત્યાં જરાપણ ગુણનો ભાસ નથી; તો પણ મોહાંધ જીવો તે મિથ્યાત્વનું સેવન કરે છે એ આશ્ચર્ય છે. ૯૮.

જે લોકો સુખરૂપ, સત્યમય ધર્મરત્નની પરીક્ષા જાણતા નથી, તે મનુષ્યોની કળા અને ગુણો સંબંધી ચતુરાઇને ધિક્કાર હો ! ૯૯.

આ **જિનધર્મ** જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે, અને સ્વર્ગ તથા મોક્ષરૂપ ફળ આપવાવાળો છે. ધર્મ એજ બંધુ છે; ધર્મ એજ સુમિત્ર છે. ૧૦૦.

ધર્મ એજ પરમ ગુરૂ છે, અને મોક્ષમાર્ગમાં પ્રવૃત થયેલાને ધર્મ એજ પરમ રથ છે. ૧૦૧.

હે જીવ ! ચતુર્ગતિનાં અનંત દુઃખરૂપી અગ્નિએ સળગાવેલ **સંસારરૂપી ભયંકર વનમાં અમૃતના કુંડસમાન જિન વચન છે.** માટે તેનું તું સેવન કર. ૧૦૨.

અનંત દુઃખરૂપ ગ્રીષ્મઋતુના તડકાથી તપેલા આ સંસારરૂપી મારવાડ દેશમાં **જિનધર્મ** એજ કલ્પવૃક્ષ સમાન છે. તે શિવસુખને આપનાર **જિન** ધર્મનું તું સેવન કર. ૧૦૩.

હે જીવો ! વધારે કહેવાથી શું ? તમારે **જૈન**ધર્મમાં એવી રીતે શ્રમ લેવો જોઇએ કે જેથી તમે આ સંસારરૂપી ભયંકર સમુદ્રને જલદીથી તરીને અનંત સુખરૂપ શાશ્વત્ સ્થાનને પામો. ૧૦૪. સંપૂર્ણ.

**ઝવેરચંદ કાળીદાસ ટોળીયા.**
**રાજકોટ—હાલ ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ ધ્યાન આપો.

ગયા અંક સાથે મોકલેલ અમારી સભાનો ત્રણ વર્ષનો રીપોર્ટ સાદ્યંત વાંચી તેમાંથી સાર ગ્રહણ કરવો યોગ્ય છે. સુજ્ઞ બંધુઓને તે ઉપર વિચાર દર્શાવવા વિનંતિ છે.

આ અંકસાથે મોકલેલ આ સભામાં વેચાણ મળતા પુસ્તકોનું લીસ્ટ વાંચી તેની અંદર આવેલા નવા પુસ્તકો ખરીદ કરી તેનો લાભ લેવાની આવશ્યકતા છે. તેની અંદર આ સભા તરફથી પ્રગટ થયેલા ગ્રંથો વિગેરેના નંબરો પાછળ જુદા આપેલા છે તે ઉપર ખાસ ધ્યાન આપવા વિનંતિ છે.

ખાસ ખરીદ કરવા લાયક આ સભા તરફથી પ્રગટ થયેલા પુસ્તકોનુ લીસ્ટ આ સાથે છેલ્લા પૃષ્ટપર આપેલ છે તે વાંચી તેનો લાભ લેવા યોગ્ય છે.

## ગોઠીઓ ( પૂજારીઓ ) ની જરૂર.

શ્રી ભરૂચથી શા. અમરચંદ જગજીવનદાસ દલાલ લખે છે કે—દેરાસરમાં પખાળ પૂજા વિગેરે સારી રીતે કરી શકે તેવા ૨–૩ ગોઠીની અત્રે જરૂર છે. પગાર રૂ. ૮ ) આપવામાં આવશે. જ્ઞાતિ વાણીઆ, બ્રાહ્મણ, ભાવસાર કે માળી જે હશે તે ચાલશે. પરંતુ તેના પ્રમાણિકપણાનું સર્ટીફીકેટ જોશે.

શ્રી વળા ખાતે પણ એક ગોઠીની જરૂર છે. પગાર યોગ્યતા પ્રમાણે આપવામાં આવશે. ઉમેદવારે અમારી ઉપર પત્ર લખવો.

**ગીરધરલાલ દેવચંદ.**
શ્રી જૈન ધ. પ્ર. સભાના મંત્રી.

## શીનોરમાં ઉત્સવ અને શાસનોત્કર્ષ.

મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના ચતુર્માસ રહેવાથી અહીં શાસનોન્નતિના અનેક કાર્યો થયાં છે. જૈન બંધુઓએ ઉદ્યાપન–અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્રાદિ ઘણા ઉત્સાહથી કરેલા છે. બહાર ગામથી ઘણા શહેરોના શ્રાવક શ્રાવિકાઓ આવ્યા હતા. વરઘોડા માટે પણ ઘણી સામગ્રી બહાર ગામથી આવી હતી. વરઘોડાની શોભા અપૂર્વ બની હતી, જે જોઇને અનેક જીવોએ અનુમોદના કરી હતી. ઉદ્યાપનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના સુંદર સુંદર ઉપગરણો મુકવામાં આવ્યા હતા. પ્રભાવના પણ કેટલીક વખત પુસ્તકોની કરવામાં આવી હતી. દેવદ્રવ્યમાં બહુ સારી વૃદ્ધિ થઇ હતી. મહારાજશ્રીના અમોઘ ઉપદેશથી પાંજરાપોળ સ્થાપવાનું મુકરર ઠરવામાં આવ્યું છે અને તેને માટે એક ખરડો પણ થએલો છે. તેમાં તમામ કોમે રકમ ભરી છે. રૂ. ૪૦૦૦) થયા છે અને આગળ શરૂ છે. અનેક પ્રકારના આરંભ કરનારાઓએ મહારાજશ્રીના ઉપદેશથી આરંભનાં કાર્યો અમુક દિવસ બંધ રાખ્યા હતા. એકંદર રીતે આ ચોમાસું બહુજ આનંદકારક અને લાભકારક વ્યતીત થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા તરફથી પ્રગટ થયેલ મુખ્ય મુખ્ય ગ્રંથો ને બુકો

| | | |
|---|---|---|
| ૧ થી ૫ | શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૫ ના. | રૂ. ૮–૮–૦ |
| ૬ | શ્રી ઉપદેશમાળા ભાષાંતર. ( ૭૦ કથાઓ યુક્ત ) | ૧–૮–૦ |
| ૭ | ઉપમિતિ ભવ પ્રપંચના પીઠબંધનું ભાષાંતર. | ૦-૧૨-૦ |
| ૮ | શ્રી ગૌતમ કુળક બાળાવબોધ. | ૨–૮–૦ |
| ૯ | અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર. વિવેચન યુક્ત. | ૧–૪–૦ |
| ૧૦—૧૨ | ચરિતાવળી ( જૈન કથાઓનો સંગ્રહ ) ભાગ ૩ ના. | ૩–૦–૦ |
| ૧૩ | કર્મગ્રંથ ટીકા. વિભાગ પહેલો કર્મગ્રથ ૧ થી ૪ | ૧–૮–૦ |
| ૧૪—૧૯ | શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ પર્વ ૧ થી ૧૦ ( ૧–૦॥–૧॥–૧–૧॥–૧॥ ) વિભાગ. ૬ | ૭–૮–૦ |
| ૨૦—૨૪ | શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧ થી ૧૦ ( ૨॥–૨॥–૧॥–૧॥। ૧॥ ) વિભાગ. ૫ | ૯–૦–૦ |
| ૨૫ | પાંચ પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી ૦–૬–૦ જૈનશાળા માટે | ૦–૫–૦ |
| ૨૬ | પાંચ પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી ૦–૮–૦ ,, | ૦–૭–૦ |
| ૨૭ | પ્રતિક્રમણના હેતુ. | ૦–૬–૦ |
| ૨૮ | બે પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી ૦–૨–૬ જૈનશાળા માટે | ૦–૨–૦ |
| ૨૯ | બેપ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી ૦–૨–૬ ,, | ૦–૨–૦ |
| ૩૦ | પ્રશમરતિ સટીક. | ૦-૧૨-૦ |
| ૩૧ | દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા સટીક. | ૧–૮–૦ |
| ૩૨ | પ્રકરણોના સ્તવનાદિનો સંગ્રહ. | ૦–૮–૦ |
| ૩૩ | પ્રબોધચિંતામણી મૂળ. | ૦–૮–૦ |
| ૩૪ | ,, ભાષાંતર | ૦–૬–૦ |
| ૩૫ | શ્રી યશોવિજયજી કૃત ગ્રંથમાળા. સંસ્કૃત | ૧–૦–૦ |
| ૩૬ | શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર. મૂળ. | ૦–૮–૦ |
| ૩૭ | શ્રી ,, ભાષાંતર. | ૦–૬–૦ |
| ૩૮ | શ્રી શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર | ૨–૮–૦ |
| ૩૯ | શ્રી હરિભદ્રસૂરિ કૃત ગ્રંથમાળા. સંસ્કૃત. | ૦–૪–૦ |
| ૪૦ | શ્રી સિદ્ધસેન દીવાકરસૂરિ કૃત ગ્રંથમાળા. સંસ્કૃત. | ૦–૪–૦ |
| ૪૧ | શ્રી યોગબિંદુ સટીક. | ૦-૧૨-૦ |
| ૪૨ | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. સંસ્કૃત. | ૨–૮–૦ |
| ૪૩ | શ્રી શાંતિનાથ ચરિત્ર સંસ્કૃત. | ૧–૦–૦ |
| ૪૪ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો સીલ્વર જ્યુબીલી અંક. | ૦-૧૨-૦ |

For Private And Personal Use Only